મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કો કૃત.

ખ્રિસ્તિશાળા માટે. ત્રિવેદિવાચનમાળા

પુસ્તક ત્રીજાના અર્થની નોટ.

(જેની અંદર અર્થ; વાક્યના ભાવાર્થ; હરેક પાઠના સવાલ; પાઠનો સાર; પાઠમાંથી મળતો બોધ; કવિતાની સમજુતી ભાવાર્થ સાથે; પાઠવાર અઘરા શબ્દો તથા જોડાક્ષરો આપવામા આવેલાં છે.)

રચનાર—મેસર્સ. સી. ડી. શાહ. એન્ડ કો.
રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા-C. M. Shah.
પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

છાપનાર—હરીલાલ મગનલાલ
છાપવાનું ઠેકાણું—"હરિ-હર" પ્રેસ—લીમડાચોક—સુરત.

ઓક્ટોબર | કિંમત છ આના. | સને ૧૯૨૪

મેસર્સ સી. ડી. શાહ એન્ડ કો. કૃત.

બ્રિટિશ શાળા માટે

ત્રિવેદિવાચનમાળા

પુસ્તકત્રીજાના અર્થની નોટ.

પાઠ ૧ લો.

કદાવર=મોટા.

વિદ્વાન=ઘણું ભણેલા.

શાંત=ઠરેલ.

ઉતર્યા હતા=આવ્યા હતા.

દેખરેખ=તપાસ.

ઉમદા=સરસ; સારી.

મુસાફરી=દેશેદેશ ફરવું તે.

માહિતી=ખબર.

મુલાકાત=મેળાપ; સમાગમ.

દેશી રાજ્યો=આપણાજ દેશના લોકનાં રાજ્યો.

પાટવીકુંવર=ગાદીના વારસ.

બનાવ=વાત.

ડુસકાં=આંચકા ખાતાં ખાતાં રડવું તે.

પહેરેગીર=ચોકીદાર.

હરખથી=ઉમંગથી.

વિદાય કર્યો=પાછો વાળ્યો.

તાલીમ=કેળવણી.

પગલે પગલે ચાલીશ=તેઓ જેમ કરતા હતા તેમ કરીશ.

રાજ્યાભિષેક=ગાદીએ બેસાડવાની ક્રિયા.

હબકાથી=ડાકથી; ભપકાથી.

મિત્રાચારી=દોસ્તી.
કોશીશ=મહેનત; યત્ન.
જાણીતું=પ્રખ્યાત.
દીપી=શોભી.
નસીબદાર=ભાગ્યશાળી.
મંદવાડથી=બિમારીથી; રોગથી.
પથારીવશ=પથારીમાંથી ઉઠાય નહિ એવી સ્થિતિમાં.
દર્મિયાન=વખતે.
લેખવી=ગણકારી; પત કરી.
છેવટ સુધી=મરતાં સુધી.

સવાલ—૭મા એડ્વર્ડ ગાદીએ બેઠા ત્યારે એમની ઉમર કેટલા વર્ષની હતી? ૭ મા એડવર્ડની જાણવા જેવી વાતો કહો. ૭મા એડ્વર્ડનું નામ શા તરીકે જાણીતું છે?

બોધ—મરતાં સુધી આપણે આપણી ફરજ બજાવવી.

એડ્વર્ડ, વિકટોરિઆ, વિદ્વાન, હોશિયાર, માહિતી, દર્શન, માતુશ્રી, એલેકઝૅન્ડ્રા, મિત્રાચારી, કોશીશ, દુનિયામાં, ફ્રાન્સ, મંદવાડ, દર્મિયાન.

પાઠ ૨ જો.

સીમાડો=ગામની છેવટની હદ; ગામનો છેડો.
બીહામણો=બીક લાગે એવો.
હિંમત પકડી=ધીરજ રાખી.
છાતીફાટ=ઘણું જ; પાર વગરનું.
ગળગળતે સાદે=રડવા જેવા અવાજે; રોતો હોય તેમ.
કીમતી=ઘણી કિંમતનો.
ઈનામ=ખુશ થઈ આપવું તે; ભેટ.
કાંતિ=ખુબસુરતી; દેખાવ.
રીત=ઢબ.

વિશ્વાસ=ભરોસો.
ખાનદાન=ઉંચા કુળનો; કુલીન
લોભે લપટાઈ=લોભમાં સપડાઈ.
ઇસારત=નિશાની.
સટકી ગયો=નાસી ગયો; છાનોમાનો જતો રહ્યો.
ફાંફાં=ખોટી મહેનત.
છેતરી=ઠગી.

સવાલ—ચતુર છોકરો ને ચોરની વાત કહો.

બોધ—જોરમાં, બુદ્ધિમાં કે યુક્તિમાં મારી બરોબરીઓ કોઈ નથી. એવો અહંકાર રાખવો નહિ.

બિહામણો, હિંમત, છાતીફાટ, ગળગળતે, કીમતી, કાંતિ, ઇસારતથી, સટકી, લુગડાં. દુનિયામાં.

પાઠ ૩ જો.

મળસકું=સવાર.
શબ્દ=બોલ.
અગાઉના=અસલના; જુના
વન્ય પક્ષી=જંગલમાં રહેનાર પક્ષી.
મીઠા અવાજથી=સાંભળવું ગમે એવા સાદથી.
આરામ=વિસામો.
ભરાઉ=ભરચક; ભરેલી.
છિદ્ર=કાણું; બાકાં.
ગરજ સારે છે=કામ કરે છે; ખોટ પુરી પાડે છે.
નજર=જોવાની શકિત.
તીણી=તેજી.
વગોળતું=ખાધેલું પાછું મોંમાં લાવી ચાવતું.
સેવે છે=હુંફાળા રાખે છે; ગરમી આપે છે.
સંતાડે=છુપાવે.

સવાલ—કૂકડા કયાં કયાં જોવામાં આવે છે? કૂકડા ખેડુતને શું ફાયદો કરે છે? કૂકડા કે કૂકડી શી રીતે ઓળખાય? કૂકડાની પાંખ, પૂંછડી, માથું, ચાંચ, પાંખ ને પગ કેવા હોય છે?

બોધ—(૧) સવારે વહેલાં ઊઠવું. (૨) પોતાના બાળક પર પ્રેમ રાખવો.

કૂકડો, મળસકું, કૂકડેકુઊક, સાંભળ્યાથી, ટૂંકો, વિદ્યાર્થીઓ, વસ્તીમાં, જંતુઓને, નુકસાન, પીછાંથી, ઢંકાએલાં, પૂંછડી, છિદ્ર, ઇંદ્રિય,

પાઠ ૪ થો.

જોમ=જોર; બળ.

કસરતી=કસરત કરનાર; તાલીમ બાજ.

જન=માણસ.

તન=શરીર.

તસતસતું=ફાટ ફાટ થતું હોય એવું; બધા અવયવ બરાબર ખીલેલા હોવાથી જોરથી ભરેલું.

વદન=મોં.

આતુર=ઉમંગી; ખુશ.

શુરાતન કેરી=બહાદુરીની; હિંમતની.

ભરપૂર=ભરેલો.

રગરગે=નસેનસમાં

પસરી રહ્યું=ફેલાઇ રહ્યું.

ચરણ તળે=પગ નીચે.

ધરણી=પૃથ્વી.

ધ્રુજે=હાલે.

ખમાય=સહન થાય; વેઠાય.

અન્યાય=ગેર ઇનસાફ.

હણવા=મારવા; નાશ કરવા.

ઝૂઝે=મડે; તૂટી પડે.

શોખ=ઇચ્છા; મરજી.
રોગ નામે=કોઇપણ રોગ.
નામે=જરાપણ.
નડશે=હેરાન કરશે.
ભોગ=સુખનો લહાવો; વિલાસ.
લ્હેજત=મઝા; રસ; આનંદ.
જોગ=તક; વખત.
જોસ્સે=જોમથી; જુસ્સાથી.
ક્રોડ=કરોડ; સો લાખ; ઘણા
ટળશે=મટશે; દૂર થશે.
પ્રશંસા=વખાણ; તારીફ.
કસરત તણાં=કસરતનાં; તણાં એટલે નાં; કેળવણીનાં
ઉણું=ઓછું; કમી.
કશું=કંઇપણ.
વિજય=વિજયાશંકર કવિ.
વિજયચિત=વિજયાશંકરના મનને.
શાંતિ=નિરાંત; નચિંતાઇ.
વસે=રહે.

સમજુતીઃ—જે કસરતી માણસ હોય, તેનું શરીર બધા અવયવ બરાબર ખીલેલા હોવાથી જોરવાળું હોય છે; તેનું મન ખુશીમાં રહે છે, અને મોં પણ હસતું દેખાય છે એટલે હસમુખા જણાય છે; એ કામ કરવામાં અને બહાદુરીની વાતો કરવામાં ઉમંગી હોય છે. તેનામાંપુરીપુરી હિંમત હોય છે અને બધા કામમાં હરખાતો હોય છે, મતલબ કામ કરવાથી કંટાળતો નથી. તેની નસેનસમાં જોર ફેલાઇ રહ્યું છે. તેથી ચાલવાથી જમીન પણ હાલે છે. તેનાથી જરાપણ ગેર ઇનસાફ સહન થતો નથી, તેથી ગેરઇનસાફનો નાશ કરવા તુટી પડે છે. (૧)

જો કસરતનો શોખ રાખે તો રોગ નામે હેરાન

કરશે નહિ. જો કસરતનો શોખ રાખે તો સુખનો લહાવો લેવામાં મઝા પડશે, જો કસરતનો શોખ રાખે તો જુસ્સાથી બધી તક મળશે; જો કસરતનો શોખ રાખે તો શરીરનાં કરોડો દુઃખ મટી જશે, અરે શરીરની કેળવણીના હું કેટલા વખાણ કરૂં! મતલબ કે જેટલા વખાણ કરૂં તેટલા ઓછાં છે. વિજ્યાશંકર કવિના મનમાં નિરાંત રહે છે કે એ કસરતનું જોમ કંઇપણ ખામી નહિ રાખે. (૨)

સાર—કસરતનો શોખ રાખવો.

તસતસતું, હસતું, આતુર, ધ્રૂજે, ઝૂઝે, લહેજત, જોસ્સે, દુઃખ, કશું, ચિત્ત, શાંતિ.

પાઠ ૫ મો.

ઝાઝા=ઘણા.
રળીઆમણા=શોભિતા.
ઝાઝા હાથ રળીઆમણા=ઘણા માણુસો સંપીને કામ કરે તો સારૂં થાય છે.
હચમચાવ્યું=હલાવ્યું.
નસીબને જોગે=પરમેશ્વરની મરજીથી.
ચોગે=લીધે.
છુંદાઇ=ચગદાઈ.
વેર=અદાવત; ખાર.
લક્કડખોદ=લાકડા ખોદનાર પક્ષી.
મદદ=આશરો; સહાય.
દોસ્ત=મિત્ર; ભાઈબંધ.
મસલત કરી=ભેગા થઇ વિચાર કરી.
તદબીર=યુક્તિ; કળા; ગોઠવણ.

રચી=ઘડી; ગોઠવી; કરી.
મીઠા=મધુર; કાનને સારા એવા લાગે.
લહેરમાં=મજામાં; અસરમાં
ઊંઘટો થઈ જશે=ઊંઘી જશે.
દરમિયાન=અરસામાં; વખતમાં
શબ્દ=અવાજ.
ગણગણાટ=ગુણગુણ અવાજ.
ઊંઘની લહેરે ચઢયો=ઊંઘવાની મઝામાં પડયો.
ધસ્યો=ઉતાવળથી દોડયો.
ઘાટ ઘડયો=મારી નાખ્યો.
જબરા=જોરાવર.
ટક્કર ઝીલી શકે=સામા થઈ શકે; હંફાવે; થકવે.
હેરાન=દુઃખી.
વિજયી=જીવતા; જીત મેળવતા.
સંહરે=નાશ કરે; મારી નાખે.

સમજુતી—નાનાં પણ ઘણાં પ્રાણીઓ સંપથી જીત મેળવતા ફરે છે, મતલબ કે જીત મેળવે. જુઓ, ઘણાં જોડે મળી હાથીનો જીવ લે.

સવાલ—ઝાઝા હાથ રળીઆમણા એ વિષેની વાત કહો.

સાર—સંપ રાખવાથી સઘળાં સુખ મળે છે.

રળીઆમણા, હચમચાવ્યું, છુંદાઈ, લક્કડખોદ, દેડકો, દોસ્ત, તદબીર, ઊંઘટો, દર્મિયાન, ગણગણાટ, ધસ્યો, કૂટેલી, ટક્કર.

પાઠ ૬ ઠ્ઠો.

દીવાળી=દીવાની હાર; આસો વદ અમાસ; વરસનો છેલ્લો દિવસ.
દીપ=દીવો.
આલી=હાર.
તહેવાર=પર્વ; આનંદનો દિવસ
હિસાબના ચોપડા પૂજે છે=વહીપૂજન કરે છે.
દારૂખાનું=આતસબાજી.

સાથીઆ=જુદા જુદા આકારના બારણે પાડવામાં આવતાં ચિત્રો.
નરક ચતુર્દશી=આસો વદ ચૌદસ; કાળિ ચૌદસ.
ચતુર્દશી=ચૌદસ.
સંબંધમાં=વિષે.
જાણવા જોગું=જરૂરનું
બરોબરી=સરખામણી.
નરકાસુર=પૃથ્વીનો પુત્ર.
વરદાન=શુભાષીશ; સારો આશીર્વાદ; માગેલું આપવું તે.
કન્યા=કુમારી છોકરી.
હરણ કર્યું=છાનામાના લઇ ગયો.
ઈંદ્ર=દેવોનો રાજા; સ્વર્ગનો રાજા.
વીનવ્યા=કાલાવાલા, કીધા; વિનંતી કીધી.
બંદીખાનું=કેદખાનું; જેલ; તુરંગ.
બલિ=પ્રહલાદના પુત્ર વિરોચનનો પુત્ર.
ઉદાર=મોટા મનનો; સખી.
રખેને=કદાચ.
ઈંદ્રાસન=ઈંદ્રની ગાદી.
વામનજીનું=ઠીંગણા માણસનું
જાચના=માગણી; માગવું તે
માય=સમાય; રહે.
બસ=ઘણું; વધારે.
પાતાળ=પૃથ્વીનું તળીઉં.
ચાંપી=દાબી.
રાજ્યાભિષેક=રાજાને ગાદી પર બેસાડવાની ક્રિયા.
ઉદારતા=સખાવત.
કલ્યાણ=ભલું.
લક્ષ્મી=પૈસો.

સવાલ—દીવાળીના તહેવારો ક્યાંથી ક્યાં સુધી ગણાય છે ? દીવાળી, કાળીચૌદસ, ધનતેરસ, બેસતું વર્ષ, ભાઈબીજ એ તહેવારો વિષે જે જાણતા હો તે કહો.

કાર્તક, દારૂખાનું, સાથીઆ, ચોકખાં, ચૌદસ, નરક ચતુર્દશી, પૃથ્વીએ, શ્રીકૃષ્ણ, ઇંદ્રને, બંદીખાનામાંથી, બલિ, ઇંદ્રાસન, વિષ્ણુ, ઠીંગણા, બ્રાહ્મણને, મૂક્યું, રાજ્યાભિષેક, કલ્યાણ, લક્ષ્મી ગરીબાઇ.

પાઠ ૭ મો

ઓચ્છવ=આનંદનો દિવસ; ઓચ્છવ.

ગાળે છે=ગુમાવે છે; કાઢે છે.

ગંગાજળ=ગંગાનું પાણી.

મેરિયું=સાંઠાનો મસાલ જેવો દીવો.

વસ્ત્ર=લુગડાં; કપડાં.

મુબારક=આબાદ; સુખી; કલ્યાણકારી.

ગોવર્ધન=ગિરિરાજ; વૃંદાવન માંહેનો એક પર્વત.

ટચલી=છેલ્લી; છેક નાની.

તોળ્યો હતો=ઉંચક્યો હતો.

અન્નકૂટ=અન્નના ઢગલા.

નૈવેદ્ય=પ્રસાદ; દેવને ધરવાનો ખોરાક.

ભાઇબીજ=કારતક સુદ બીજ; ભાઈલા બીજ.

યમ=જમ; ધર્મરાજા; પાપ પુણ્યનો ઈનસાફ કરનાર દેવ.

યમુના=જમના; યમની બેન. (એ હિમાલય પર્વતમાંથી નીકળી ગંગાને મળેછે.)

ગણકારતો=પત કરતો; માનતો.

આજીજી=કાલાવાલા.

પરોણાગત=પરોણા ચાકરી; સત્કાર.

સંબંધમાં, ઓચ્છવમાં, લક્ષ્મી, મેરિયું, વર્ષ, વસ્ત્ર, શ્રીકૃષ્ણે, ગોવર્ધન, ટચલી, અન્નકૂટ, નૈવેદ્ય. બલિપૂજા, પરોણાગત, કબુલ.

પાઠ ૮ મો.

મધમાખ=મધ બનાવનારી માખી.

જંતુ=જીવડું.

ઉપયોગી=ખપનું; જરૂરનું.

મધ=ફૂલોનો એકઠો કરેલો મીઠો રસ.

ડંખ=કાંટો.

ચિઢવવામાં=ખીજવવામાં.

ટોળાબંધ=જથાબંધ; ઘણા.

કાયર=હેરાન; દુઃખી.

મધપુડો=મધમાખીને રહેવાનું તથા મધ એકઠું કરવાનું ઘર.

માદા=સ્ત્રી જાત; સ્ત્રી.

કામગરી=કામકરનારી; મહેનતુ.

નર=પુરુષ જાત; મરદ.

સુમારે=આશરે.

ભટકી=રખડી; ભમી.

ઉદ્યોગ=ધંધો.

સવાલ—કેટલાંક પશુ, પંખી ને જંતુના નામ દો. પશુ, પંખી ને જંતુમાં શો ફેર છે? મધમાખીના શરીરનું વર્ણન કરો. મધમાખી કેટલી જાતની હોય છે? એ ત્રણ જાત ઓળખવાની નિશાની શું? ત્રણે જાતનીમધમાખનું કામ કહો.

બિલાડી, પશુ, કુડો, જોડાએલા, જંતુ, ડંખતી, ચિઢવવામાં, ટોળાબંધ, સુમારે, માદા, સહુથી, ભટકી, ઈંડાં, ઉદ્યોગ, આળસુ.

પાઠ ૯ મો.

છિદ્રો=કાણાં.

પાસાવાળાં=બાજુવાળાં.

દેખાવનાં=આકારનાં.

મીણબત્તી=મીણની બના-

વેલી વાટ.

ચકચકિત=ઝળકાટ મારતો.

અછત=તંગી; તાણ.

સંઘરેલું=એકઠું કરેલું.

સજા=શિક્ષા.

સવાલ—એક મધપુડામાં ઘણા છિદ્રો છે એ ઉપરથી તમે શું કહી શકો છો ? મધ એ શું છે ? મધ ને મીણનો ઉપયોગ કહો.

સાર—(૧) કામ કરનારી મધમાખની પેઠે આપણે ઉદ્યોગી થવું. (૨) આળસુને સજા થાય છે.

છિદ્રોનો, ફુલમાંથી, ચૂસેલો, કોથળીમાં, સ્વાદ, મીણબત્તી, કબાટ, ખુરસી, ચકચકિત, સંઘરેલું, આળસુ.

પાઠ ૧૦ મો.

આંધળા આગળ આરસી=આંધળા આગળ આરસી નકામી છે. કારણ કે તે આરસીમાં જોઈ શકતો નથી. એવીજ કહેવત "બહેરા આગળ શંખ."

આરસી=દર્પણ.

અભ્યાસ=મહાવરો; ટેવ.

સ્વાદ=મજા; લહેજત.

નાદ=અવાજ.

કાવ્યકળા=કવિતા બનાવવાનો હુન્નર.

ગજરાજ=હાથીનો રાજા; મોટો હાથી.

દિસે=દેખાય; જણાય.

અતિ=ઘણો.

ઉ-તમ=સૌથી સરસ; શ્રેષ્ઠ.

નિર્ધન=પૈસા વગરનો; ગરીબ.

મર્કટ=વાંદરા.

મર્કટ કંઠે=વાંદરાની કોટે.

ધર્યો=પહેર્યો.

મણિહાર=મણિની માળા.

પ્રહાર=માર; ઘા.

કોકિલ=કોયલ.

કાગ=કાગડો.

પાસ=પાસે.
બધીર=બહેરો.
શંખ=દરીઆમાંના જીવડાંનું ઘર.
બજાવ્યો=વગાડયો.
જાણ=ખબર.

ઘણેરૂં=પુષ્કળ; ઘણું.
સુણ્યા=સાંભળ્યા.
શ્રવણ=કાને.
સ્વર=શબ્દ.
સુણી=સાંભળી.

સમજુતી—જેને જેનો મહાવરો નથી, તેને તેમાં મઝા પડતી નથી. જેમકે આંધળા આગળ આરસી ધરી હોય તોપણ તે તેમાં જોઈ શકતો નથી, તેમજ બહેરા આગળ અવાજ થતો હોય તો તે સાંભળી શકતો નથી. કારણ કે તેનો તેને અનુભવ નથી, તેથી તેને મઝા પણ પડતી નથી (૧)

આંધળા આગળ સુંદર આરસી ધરીએ, તોપણ તે તેને કંઇ કામની નથી. તેમજ જો હાથી ઘણો સારામાં સારો દેખાય છે, પણ તે પૈસા વગરનાને કંઈ કામનો નથી. (૨)

જેમ વાંદરાની કોટમાં મણિનો હાર પહેરાવ્યો હોય, પણ વાંદરો મણિના હારને ભાર સમજી આઘે ફેંકી દે છે; તેમ અક્કલ વગરના માણસ પાસે કવિતા બનાવવાનો હુન્નર કહીએ તો તે બહેરાની આગળ શંખ વગાડયો હોય તેના જેવું છે. કારણ કે તેને તેનો અનુભવ નથી. તેથી તેને તેમાં મઝા પડતી નથી. (૩)

જેને કોયલ કે કાગડાના રાગની કહી ખબર નથી તે કદાચ કાગડાના રાગના ઘણા વખાણ કરે, પણ જેણે કોયલના

સારા શબ્દ કાને સાંભળ્યા છે, તે તો કાગડાના શબ્દ સાંભળીને તેને કોયલ માનનાર નથી. (૪)

સાર—જેને જે વાતનો અનુભવ નથી તેને તે વાતમાં રસ પડતો નથી.

અભ્યાસ, ઉપયોગની, અંધની, આરસી, ઉત્તમ, નિર્ધનને, મર્કટકંઠ. મણિહાર, પ્રહાર, ઉડાવ્યો, મૂર્ખ, બધીરની, કોકિલ, સુણ્યા. શ્રવણ.

પાઠ ૧૧ મો.

ધ્રુવજી=ઉત્તાનપાદ રાજાના પુત્ર. (એની માનું નામ સુનીતિ.)

સુરુચી=ઉત્તાનપાદની સ્ત્રી; પોતાની મરજી પ્રમાણે ચાલનાર.

સુનીતી=ઉત્તાનપાદની સ્ત્રી; સારી નીતિથી ચાલનાર.

અણખામણી=માનીતી નહિ તે; અણમાનીતી; અણગમતી.

મહેણું=ટોણું; ખરાબ વચન.

અભાગણી=કમનસીબ; અકર્મી

હક=દાવો; માલકી.

તપ=દેહકષ્ટ.

પેટે=શરીરે

અવતાર=જન્મ.

ઈહાથી=અહીંથી.

માંડ=શરૂ કર; કરવા માંડ.

કાયા=શરીર; દેહ.

છાંડ=છોડ; મૂક.

કાયા છાંડ=શરીર છોડી દે; મરી જા.

વીર=ભાઈ.

ઓછું લગાડીશ=ઓછું આણીશ.

ટળવળી=તરફડી.
તુજ=તારા.
વછુટી=જુદી પડેલી.
મૃગલી=હરણી.
આશીર્વાદ=દુવા.
સાવકી=ઓરમાન; અપર.
અદેખાઇ=ઈર્ષા; વેર.
ખમાતું=સહન થતું.

સમજુતી:—જા, અહીંથી વનમાં જઇને તપ કરવા માંડ, અને પરમેશ્વરનું ભજન કરી મરી જા, અને પછી ફરીથી મારે પેટે અવતાર લે, તો ભાઇ હું તને રાજ અપાવીશ.

જેમ ટોળામાંથી જુદી પડેલી હરણી, એકલી રહી શકતી નથી, તેમ તારા વગર હું એકલી કેમ રહી શકીશ? મતલબકે તારા છુટા પડવાથી હું મરી જઇશ. જેમ પાણી વગર માછલી ટળવળી મરે છે, તેમ મારો જીવ પણ તારા વગર ટળવળી જશે. મતલબકે હું દુ:ખી થઇને મરીશ.

ઉત્તાનપાદ, સુરુચિ, સુનીતિ, ઉત્તમ, અળખામણી, ધ્રુવ, પુણ્ય, દિલગીર, મૃગલી, આશીર્વાદ, દુ:ખી.

પાઠ ૧૨ મો.

નારદ=બ્રહ્માના પુત્ર; અજસુત.
કાયા=શરીર.
કોમળ=નાજુક; દુ:ખ સહન ન કરી શકે એવી.
સહેવાશે=વેઠાશે; ખમાશે.
બિહામણાં=વિકરાળ; બીક લાગે એવાં.
સાધી=કરી.
હઠનાર=ડગનાર; ખસનાર.

વિષ્ણુ=પાલણ કરનાર દેવ.
દર્શન=દેખાવ.
ભક્તિ=ભજન.
વેગળો=દૂર; આઘે.
અલોપ થયા=દેખાતા બંધ થયા; નજર બહાર ગયા; આલ્યા ગયા.
ખેદ=દિલગીરી; અફસોસ;
ઉપકાર=પાડ; આભાર.
કથા=વાત.

સવાલ—ધ્રુવજી વનમાં તપ કરવા જતા હતા ત્યારે રસ્તામાં કોણ મળ્યું ? નારદજીએ ધ્રુવજીને શું કહ્યું ? પ્રભુને મેળવવા માટે ધ્રુવજીએ શું કર્યું ? ભગવાને ખુશ થઇ ધ્રુવજીને શું કહ્યું ? ધ્રુવજી પૃથ્વી છોડી ક્યાં જઇ રહ્યા ?

સાર—પ્રભુમાં મન રાખી તેને ભજીએ તો તે આપણને દર્શન આપે.

નારદઋષિ, કહ્યું, સહેવાશે, બિહામણાં, બિવડાવશે, વિષ્ણુ, ઊંઘ, દર્શન, ભક્તિ, પૃથ્વી.

પાઠ ૧૩ મો.

જિંદગીને માટે=જીવવાને માટે.
બિલકુલ=જરાપણ; લગારે.
ચહેન=સુખ.
પવન=હવાનું હાલવું તે; ફરતી હવા.
સુસવાટો=સૂ સૂ કરતો અવાજ.
હચમચાવી=હલાવી.
જડમૂળથી=મુળીઆં સાથે.
ગુંગળાઇ=અકળાઇ; ગભરાઇ,

સવાલ—જીવવાને માટે આપણને શાની શાની જરૂર

છે? હવા અને પવનમાં ફેર શું? પાણીમાં ડૂબવાથી મરી જવાય છે તેનું કારણ શું?

સાર—હવા વગર પ્રાણી કે વનસ્પતિ જીવી શકે નહિ.

બોધ—જીવવાને માટે ઘણી જરૂરની જે હવા તે પરમેશ્વરે બધે ઠેકાણે ભરી મૂકી છે માટે આપણે પરમેશ્વરનો પાડ માનવો.

જિવાય, જિંદગીને, બિલકુલ, હીંચકો, મુસવાટો, જડમૂળથી, જિવાતું, ડૂબે.

પાઠ ૧૪ મો.

ઢેલ=મોરની માદા.

પાદરે=ગામને છેડે; ગામના ઝાંપા બહાર.

કળા કરતો=પીછાં ઉંચા ને પહોળાં કરી નાચતો.

ચાંદા=ચાંલ્લા.

ભભકાભેર=ઠાઠવાળી; રોપબંધ.

મગરૂર=અભિમાની.

આંખી પડતી=શરમાતી.

કુદરતે=ઇશ્વરે.

જોડું=નરમાદા.

ઘડ્યું=બનાવ્યું.

કુટડા=રૂપાળા; શોભિતા.

પત્ની=સ્ત્રી; ધણીઆણી.

શોભે=ઘટે.

ગર્વ=અભિમાન; મારા જેવું કોઇ નથી એવો વિચાર.

ઉત્તમ=સૌથી સરસ.

ગર્વિષ્ઠ=અહંકારી; અભિમાનનો ભરેલો.

સ્નેહાળ=હેતાળ; વહાલ રાખનાર.

મલકાતો=ખૂશ થતો.

કુલાતો=મગરૂર થતો.

મોટાઈ=વડાઈ.
પંચરંગી=જુદા જુદા રંગવાળો.
આડી=હઠીલી; કહ્યું ન માને એવી.
બોડાં=પીછાં વગરનાં.
બદલાઈ=ફેરવાઈ.
ઉદાસ=દિલગીર; નાઉમેદ.
મશ્કરી=મજાક.
ખિજવવા=ચિડવવા.
બનાવ્યો=મજાક કરી.
મૂળથીજ=પહેલાંથીજ.
માયાળુ=હેતાળ; માયા રાખનાર.
કદ્રૂપી=બેડોળ.
દરકાર=પરવા; કદર.
રીતભાત=ચાલ ચલગત.

સવાલ—મોરને ઢેલની વાત કહો.

બોધ—દુનિયા રૂપ કરતાં ગુણની વધારે કદર કરે છે.

પીંછાંમાં, દેખાડવાપણા, ઘડયું, કુટડા, પત્ની, ઇશ્વરે, ગર્વ, ઉત્તમ, ગર્વિષ્ઠ, સ્નેહાળ, શિયાળો, પાંદડાં, ઉદાસ, મશ્કરી, ખિજવવા, કદ્રૂપી, દુનિયા.

પાઠ ૧૫ મો.

નેત્રવતી=ઉત્તાનપાદ રાજાની અણમાનીતી રાણી; સુનીતિ.
તૃષા=તરસ; શોષ.
વીર=ભાઈ.
નીર=પાણી; જળ.
ધરણી=જમીન; પૃથ્વી.
પોઢવું=સૂવું.
ચરણ=પગ; ટાંટીયા.
સેવક=ચાકર.
સંગ=સાથે; જોડે.
ગિરિ=પર્વત; મોટો પહાડ.
વાંદરનાં ઠાઠ=વાંદરાના ટોળાં.
પંથ=રસ્તો; માર્ગ.

આગલે=આગળ; અગાડી.	જયમ=જેમ; જેવી રીતે.
કુયમ=કેમ; શી રીતે.	રતનડું=નાનું રતન.
વાટ=રસ્તો; માર્ગ.	હુંજ=હું.
સાદ કરૂં=બૂમ પાડું; બોલાવું.	અંધાકેરી=આંધળાની.
સજજનડા=સારા માણસ.	દુબળીનું=ગરીબનું.
ઉજજડ=વેરાન; સૂનું.	અંધાકેરી લાકડી, હું દુબળીનું ધંન=જેમ આંધળાનો આધાર લાકડી છે, તેમ હું ગરીબનું તું ધન છે.
દીસે=દેખાય; જણાય.	
તુંજ=તને.	
રાંક તણું=ગરીબનું.	

સમજુતી—મારા ભાઈ તું સાંભળ, એકલો વનમાં શી રીતે જઈશ? તને પાણીની તરસ લાગશે અને તારી પાસે પાણી હશે નહિ. (૧)

છોકરા, જમીનપર સૂઈ રહેવું પડશે, ત્યાં પલંગ પણ મળશે નહિ; ત્યાં તારા પગ કોણ દાબશે કારણ કે તારી સાથે ચાકર પણ નથી. (૨)

ત્યાં પર્વતો, જંગલ, ઘણા ડુંગરા અને વળી વાંદરાના ટોળાં હશે; તેં આગળ રસ્તો પણ જોયો નથી, તો તું કેવી રીતે રસ્તો ખોળી કાઢીશ. (૩)

હું પુત્ર પુત્ર નામ દઈ કોને બોલાવીશ? સારા માણસ ચાલ્યા ગયા પછી ગામ ઉજજડ દેખાય છે, તેમ તારા ગયા પછી આખું ગામ ઉજજડ લાગશે. (૪)

મેં બધા દેવોને પૂજ્યા ત્યારે હું તને મેળવી શકી છું, જેમ ગરીબનું રત્ન તેમ હું તને ગણું છું. મતલબ કે ગરીબનું રત્ન જતું રહેવાથી તેને જેટલું દુઃખ થાય તેટલું મને થશે. (૫)

જેમ આંધળાને લાકડીનો ને ગરીબને ધનનો આધાર છે, તેમ મારે તારો આધાર છે. મને એકલી મૂકી જવા તમે તમારૂં મન કઠણ કેમ કરો છો? મતલબ કે મને મૂકીને જતાં તમને દયા આવતી નથી? (૬)

નેત્રવતી, ધ્રુવ, તૃષા, ગિરિ, વળી, દીઠો, નથી, જાણીશ, કહી, સજજનડા, ઉજજડ, પૂજીને, તુંજ, હુંજ, કઠણ.

પાઠ ૧૬ મો.

ચતુર=ચાલાક.
નાઉમેદ=નિરાશ; દીલગીર.
યોગ્ય તક=ફાવતો વખત.
ઉમદા=સરસ; ચઢતું.
રક્ષણ કરે છે=ચોકી કરે છે; તપાસ રાખે છે.
ભક્ષણ કરો=ખાઓ.
ખાનદાન=કુલીન; ઉંચા કુળમાં જન્મેલો.
છાજે=શોભે; ઘટે.
યોગ્ય છે=બરાબર છે.
મોટાઈમાં=વડાઈમાં
કુલાશમાં=બડાશમાં;મોટાઈમાં
દુષ્ટ=પાપી.
તદબીર=યુક્તિ; કળા.
કાળ=યમરાજા.
કાળના મોંમાં=મોતના સપાટામાં; મરવા માટે.
મુડદું=મરી ગએલું પ્રાણી; લાસ; શબ.

છાનીમાની=કોઈ ન જાણે તેમ; ગુપચુપ.
ગેરહાજરીમાં=હાજર નહોતો ત્યારે.
ચૂંથી નાંખ્યો=પીંખી નાંખ્યો.
વેર=દુશ્મનાઇ; અદાવત.

શિયાળ, શોધતું, રક્ષણ, અહિંથી, કુલાશમાં, દુષ્ટ, શૂરો, મુડદું, ચૂંથી નાંખ્યો.

પાઠ ૧૭ મો.

દીપડો=વાઘની જાતનું પ્રાણી.
ધાર્યું=વિચાર્યું.
પેચ=યુક્તિ; તદબીર;
દાઢ=બેવડા દાંત; જડબું.
રક્ષક=રક્ષણ કરનાર; રખેવાળ.
ભક્ષણ કર=ખા.
ચેતવીશ=જાણ કરીશ; ખબર આપીશ.
નિરાંતે=સુખેથી; નચિંતે;
ગભરાટથી=ગભરામણ થવાથી.
સમોવડીઉં=સરખું; બરોબરીઉં.
માર્ગ=ઉપાય; ઇલાજ; રસ્તો.
ઉત્તમ=સૌથી સારો.
બળિયો=બળવાન; જોરાવર.
ભમાવ્યો=ખોટું સમજાવ્યું
લાલચથી=લોભથી.
ઠગ્યો=છેતર્યો.
હુમલો=હલ્લો; એકદમ તરાપ મારવી તે.

સવાલ—ચતુર શિયાળની ચતુરાઈની વાત કહો.

બોધ—વખત વિચારી યુક્તિથી કામ કરવું.

ચિરાવી, મજબૂત, રક્ષક, નીમ્યો, ભક્ષણ, ચેતવીશ, નિરાંતે, જુદું, ગભરાટ, સમોવડીઉં માર્ગ, શોધ્યો, ઉત્તમ, બળિયો.

પાઠ ૧૮ મો.

કુદરતમાં=ઈશ્વરે બનાવેલાં કામમાં
સરજ્યાં=પેદા કીધાં.
કાટ=કીટ; મેલ.
બાંધેલા=બંધિઆર, વપરાશમાં ન આવતાં.
કેટ્ટો=ઘણોજ ખારીલો.
મચ્યા=મંડયા; ગુંથાએલા.
ઉદ્યોગ=મહેનત.
બેચહેની=અસુખ.
રોગના ભોગ થઈએ=રોગથી નાશ પામીએ.
અવયવો=ભાગો.
ખાસ=ખસુસ; ઘણી.
ગાઢો=નીકટનો.
સંબંધ=વળગણ.
નીરોગ=રોગ વગરનો; તંદુરસ્ત.
દૃઢ=મજબુત.
કસીએ=વાપરીએ; દસીએ.
મહારીઓ=નટ લોકો.
સહેજ=સહેલાઈથી; થોડી મહેનતે.
આચકો=ધક્કો; હડસેલો.
મલ્લ=પહેલવાન; કુસ્તીબાજ.

સવાલ—આળસુ શા માટે ન રહેવું? શરીર આળસુ રહી શકે છે; પણ કોણ આળસુ રહી શકતું નથી? ઉદ્યોગ વગર કંઈ થતું નથી તે દાખલા આપી સમજાવો. કસરત ન કરવાથી શું નુકસાન થાય છે અને કરવાથી શા શા લાભ થાય છે? કયા ધંધાવાળાને કસરતની ખાસ જરૂર છે? મન ક્યારે બરાબર કામ કરી શકે છે? આપણું શરીર ને મન ઈશ્વરે કેવાં બનાવ્યાં છે? પ્રોફેસર રામમૂર્તિ અદ્ભુત ખેલો કરી શકે છે તેનું કારણ શું? શરીરની જોડે બીજા કોને કેળવવું જોઈએ?

સાર—દરેક માણસે દરરોજ નિયમિત કસરત કરવી.

રામમૂર્તિ, ઈશ્વરે, સર્જ્યાં, કટ્ટો, કેળવણી, ગુંથાએલાં, સૂતર, ઉદ્યોગ, ફૂલ્યાં, ગાઢો, શક્તિ, પત્થર.

પાઠ ૧૯ મો.

રણમાં=રેતીના મેદાનમાં.
ઉપયોગી=જરૂરનું; ખપનું.
નીભે છે=ટકે છે; ચાલે છે.
પીઠ=વાંસો.
ખૂંધ=વાંસાનો બહાર નીકળી આવેલો ભાગ.
ઢેકો=ઉંચો ભાગ.
ચરબી=ચામડીની અંદર ઠરેલો ચીકણો પદાર્થ.
પોષણ=ખોરાક; ટકાવ.
ગરજ=કામ; જરૂર.
ઢીંચણ=ઘુંટણ.
ઈજા=દુઃખ; નુકસાન.
પ્રિય=વહાલું.
ખુલ્લું=ઉઘાડું; દેખીતું.
માફક=પેઠે.

સવાલ—ઊંટના અઢારે વાંકાં એમ કેમ કહેવાય છે? ઊંટ ખોરાક તથા પાણી વગર ઘણા દિવસ શા કારણથી રહી શકે છે? આપણે ખોરાક ઓછો ખાઈએ તો પાતળા શા કારણથી થઈએ છીએ? ઊંટને રેતીમાં કેમ ચાલવું ફાવે છે ને ઘોડાને કેમ ફાવતું નથી? ઊંટમાં કયા કયા પ્રાણીનાં ગુણ સમાયલા છે?

સાર—ઊંટ એ રણનું વાહન છે.

બોધ—આપણે ખોરાક અને પાણી વગર કેટલોક વખત ચલાવી લેવાની ટેવ પાડવી.

ઊંટ, વસ્તુ, વાંકુંચુંકું, ફૂટ, અરાઢે, ખૂંધ, ઢેકા, તરસ્યું. ઢીંચણ, પ્રિય, ખુલ્લું, દૂધ.

પાઠ ૨૦ મો.

પામે=મેળવે.
ભદ્રા=કલ્યાણ; બધી જાતનું સુખ.
નારી=સ્ત્રી; બૈરી.
અશ્વ=ઘોડો; હય.
જગન=યજ્ઞ; હોમ.
જીવતો જગન માંડે=લાંબો વખત પહોંચે એવા હોમ વગેરે ધર્મનાં કામ કરે.
સુકીર્તિ=સારી આબરૂ.
સાહે=મેળવે; પકડે.
નંગ=રત્ન; કીમતી ઘરેણાં.
લહેણાં=મોજ; લહાવો.
લાહે=મેળવે.
વિજોગીઓ=છુટો; જુદો.
સંજોગી=ભેગો; એકઠો.
નિર્ધન=પૈસા વગરનો; ગરીબ; રંક.
વેદના=દુઃખ.
વામે=ઓછી થાય,
વાંઝીઓ=છોકરાં વગરનો.
પ્રગટે=પેદા થાય.
પુત્ર પ્રગટે=છોકરો થાય.
રાંક=ગરીબ; પૈસા વગરનો.
ઘરસૂત્ર=ઘરનો કારભાર.
સારૂં પામે ઘરસૂત્ર=ઘરનો કારભાર સારો ચલાવે એટલો પૈસો મેળવે.
કો=કોઈ.
તકમાં=વખતમાં
ટાળો કરો=લાભ લો; ફાયદો મેળવો.
ફળે=ફાયદો આપે.
જીવતો નર ભદ્રા પામે=જીવતો માણસ બધી જાતનું સુખ મેળવે.

સમજુતી—જીવતો માણસ રાજ્ય મેળવે છે, જીવતો માણસ બૈરી પરણે છે, જીવતો માણસ ઘોડાપર બેસે છે, જીવતો માણસ યજ્ઞ કરે છે, જીવતો માણસ નંગ પહેરે છે, જીવતો માણસ લહાવો મેળવે છે, જીવતો માણસ વહાલાંથી છુટો પડેલો હોય, તો તે ભેગો થાય છે. પણ માણસ મરી ગયા પછી એમાંનું કાંઇ જોઇ શકતો નથી એમ સામળભટ્ટ કવિ ગુણ ગાય છે. (૧)

જો કોઇ ગરીબ માણસ જીવતો હોય, તો કોઇ દિવસ પૈસા મેળવે; જો કોઈ શરીરે દુખીઓ માણસ જીવતો હોય, તો કોઇ દિવસ તેનું દુઃખ જતું રહે; જો કોઇ વાંઝીઓ માણસ જીવતો હોય, તો કોઇ દિવસ તેને છોકરો પેદા થાય; જો કોઇ પૈસા વગરનો માણસ જીવતો હોય, તો ઘરનો કારભાર સારો ચલાવે એટલો પૈસો મેળવે; જીવતો માણસ બધી જાતનું સુખ મેળવશે, પણ મરી ગયા પછી એમાંનું કાંઇ નહિ મળે; આ વખતમાં તો લાભ લો, કોઇ દિવસ પરમેશ્વર ફાયદો આપે. (૨)

બોધ—(૧) જિંદગીમાં કોઈ પણ જાતનું દુઃખ પડે તેથી કંટાળી જઇ આપઘાત કરવો નહિ, કારણ કે જીવતા હોઈશું તો કોઈ દિવસ બધી જાતનું સુખ મેળવીશું. (૨) ઘણાં દુઃખની વખતે ઘણી ધીરજ રાખવી.

ભદ્રા, જીવતો, અશ્વ, સુકીર્તિ, પહેરે, લહાણું, વહાલાંનો, વિજોગીઓ, સંજોગી, નિર્ધન, દિન, વાંઝિયો, મગરે, પુત્ર, ઘરસૂત્ર,

પાઠ ૨૧ મો.

ભાગ=અવચયો.
છોડ=નાનાં ઝાડ.
વેલા=જમીન, ઝાડ કે માંડવાપર પથરાતાં છોડ.
ડાળ=ડાળી.
થડ=ઝાડનો વચલો ગોળ ભાગ.
મૂળ=મૂળીઉં.

સવાલ—ઝાડના કેટલા પ્રકાર છે તે તે કયા કયા? છોડ ને ઝાડમાં ફેર શું? ઝાડના કેટલા ભાગ છે ને તે કયા કયા?

વિંટલાએલાં, ફૂટેલી, પાંદડાં, થાંભલા, ટટાર, કાઢયું, મૂળ.

પાઠ ૨૨ મો.

યાદ=ફ્રામ; સરત.
લીલાંછમ=ખૂબ લીલાં.
લાગણી=અસર.
લજામણી=એક જાતનો છોડ એનાં પાંદડાંને અટકવાથી પાંદડાં સંકોચાઈ જાય છે.
લાજ=શરમ.
અવયવ=શરીરના ભાગ; ભાગ.
સંકોચાઇ=બિડાઈ.

સવાલ—ઝાડ આપણને કઇ બાબતમાં મળતાં આવે છે? ઝાડ આપણાથી કઇ બાબતમાં જુદાં પડે છે?

ટીપઃ—મૂળ=મોં. થડ=પગ. પાંદડાં=નાક ને મોં. છાલ=ચામડી. રસ કે દૂધ=લોહી. લાકડું=હાડકાં.

લીલાંછમ, ડાખળીઓ, ટાંકણી, અડકું.

પાઠ ૨૩ મો.

સુગંધિદાર=ખુશબોદાર; સુગંધીવાળા.

સોડા=એક જાતનો ખાર.

મેળવણી=મેગ.

ચરબી=ચામડીની અંદર ઠરેલો ચીકણો પદાર્થ.

સાદી=સહેલી.

કોપરેલ=કોપરાનું તેલ.

પાએક કલાક થાય એમ રેડવું=રેડતાં પા કલાક લગાડવો.

ચોસલાં=ચોરસ કકડા.

રંગિત=રંગવાળો.

કાર્બોનિક ઍસિડ=કાર્બન અને ઓક્સિજનના મળવાથી થએલો પદાર્થ.

તેજાબ=ગરમ રસ.

ખસ=ઝીણી ફોલ્લી.

દરાજ=ગજકરણ; ચામડીનો એક જાતનો રોગ.

દિવેલ=દિવેલીનું તેલ; એરંડીઉં.

સવાલ—સાબુ કેટલી જાતના થાય છે ને તે કયાં કયા? ધોવાના ને ચોળવાના સાબુમાં શું ફેર હોય છે? સાબુ બનાવવાની સહેલી રીત કહો. ચામડીના રોગ થયા હોય ત્યારે કયો સાબુ વાપરવો? સાબુ બનાવવામાં કોપરેલને બદલે શું શું વાપરી શકાય? કયા ઝાડનાં ફળ મેલ સાફ કરવાના કામમાં વાપરી શકાય છે? જ. અરીઠાના.

સુગંધિદાર, કપડવંજ, પ્રાંતિજ, અમદાવાદમાં, કૅાસ્ટિક, રૂપીઆભાર, ઠંડું, રંગિત, સુગંધિત, કાર્બોનિક ઍસિડ, દિવેલ,

પાઠ ૨૪ મો.

ધીરજ=સબુરી.

ફળ=ફાયદો; લાભ.

દુકાળ=અનાજ પાણી ન મળે એવો વખત.

મીઠાં=સારાં.

ગરીબગરબાં=પૈસા વગરનાં; નિર્ધન.

સમયે=વખતે.

તવંગર=તાલેવાન; પૈસાદાર; શ્રીમંત.

પરોપકારી=પરગજુ; પારકાનું ભલું કરનાર.

ઉદાર=મોટા મનનાં; દાતાર; સખી; આપનાર.

અચકાતા=ડરતા.

ધન્ય=શાબાશ.

દાતાર=પરોપકાર કરનાર; આપનાર.

સખી દાતાર=ઉદાર પરોપકાર કરનાર.

સદાવ્રત=દરરોજ ગરીબગરબાંને ધર્માદા સીધું આવાનો નિયમ.

ઠઠ=ગીરદી; ભીડ; જમાવ.

પડાપડી=ઉપરાઉપરી માંગણી.

કાને ગઈ=સાંભળવામાં આવી; જાણવામાં આવી.

નોટ=રૂપીઆને બદલે વપરાતો ચલણી કાગળ.

સાચાઈ=સચ્ચાઈ; પ્રમાણિકપણું.

ધીરજનાં ફળ મીઠાં છે=સબુરી રાખવાથી આખરે સારો લાભ મળે છે.

ધીરાં=ધીરજવાળાં.

સદ્ગુણ=સારા ગુણ. | **બદલો**=અવેજ; સાટું.

સવાલ—દુકાળ કયારે પડે ? જ. (૧) વરસાદ જોઈએ તેટલો ન આવે ત્યારે. (૨) અતિશય વરસાદ પડે ત્યારે. (૩) ખેતરોમાંનો પાક તીડ વગેરે જીવડાં ખાઈ જાય ત્યારે. પૈસાનો ઉત્તમ ઉપયોગ કયો ? ધીરજનાં ફળ મીઠાં છે. એ એ દાખલો આપી સમજાવો.

બોધ—(૧) ધીરજનાં ફળ મીઠાં છે. (૨) ધીરાં ને સાચાં માણસને બદલો મળ્યા વિના રહેતો નથી.

મોઘું, પુરુષ, સદાવ્રત, ભિખારીની, ઠઠ, ધક્કો, પરમેશ્વર, સદ્ગુણનો.

પાઠ ૨૫ મો.

પોષક=પોષણ કરનાર

પોષણ=ગુજરાન.

રક્ષણ=બચાવ.

ઊન=ઘેટાના વાળ.

ધાબળી=કામળી.

મળતાં=સરખાં; બરાબર.

ભાગ્યેજ=જવલ્લેજ; કદાચિતજ

વાગોળવું=ખાધેલું પાછું. મોંમાં લાવી ચાવવું.

રાંકડું=ગરીબ.

ઊંઘટ્ટી=ઉંઘાખરી.

તીવ્ર=ચંચળ.

સરદાર=ઉપરી; આગેવાન.

વર્તે=ચાલે.

ગાડરીઓ પ્રવાહ=ઘેટાની પેઠે વગર વિચારે ચાલવું તે.

ગાડર=ઘેટું.

પ્રવાહ=ચાલવું તે.

લડકણો=લડનારો.

બીકણ=બીએ એવો.

ઊભા ચઢાવવાળી=સીધા ઢોળાવવાળી.

ઠરે છે=થાભે છે; ટકે છે; રહે છે.
ખડક=પત્થરનો ટેકરો.
સહેલથી=સહેલાઇથી.
કૂદકો=છલંગ; ફાળ.
ઊંટ મેલે આંકડો ને બકરી મેલે કાંકરો=ઊંટ આંકડા સિવાય તમામ વનસ્પતિ ખાય, ને બકરી બધીજ વનસ્પતિ ખાય.

સવાલ—ઘેટું આપણું શાથી રક્ષણ કરે છે? ગાય ને ઘેટાનો મુકાબલો કરો. ઘેટું પોતાનો બચાવ શાથી કરે છે? ઘેટાની કઇ કઇ ઈંદ્રિય તીવ્ર હોય છે? ગાડરીઓ પ્રવાહ એટલે શું? બકરૂં ને ઘેટું કઇ કઇ વાતમાં મળતાં છે ને કઈ કઇ વાતમાં જુદા પડે છે? "ઊંટ મેલે આંકડો ને બકરી મેલે કાંકરો" એનો અર્થ સમજાવો.

બોધ:—ગાય, ભેંસ, ઘોડા, ઊંટ, ગધેડાં, બકરાં, અને ઘેટાં એવાં ઉપયોગી પ્રાણી પાસે ગજા ઉપરાંત કામ કરાવવું નહિ અને દુઃખ દેવું નહિ.

પ્રાણીઓ, દૂધ, દહિં, પદાર્થો, રક્ષણ, વસ્ત્ર, ધાબળી, ફૂટ, પૂંછડી, ટૂંકી, શીંગડાં, ઊંઘટ્ટી, તીવ્ર, વર્તે, લડકણો, કૂદકો, ઊંટ.

પાઠ ૨૬ મો.

નીતિ=સારી ચાલ.
જ્ઞાનબળ=જ્ઞાનરૂપી બળ; સમજશક્તિનું જોર.
છક=મદ; અભિમાન.
ઉતરે=ઓછો થાય.
વૃદ્ધ=ઘરડો.
ઉપજાવે=પેદા કરે; મેળવે.

અંતરમાં=મનમાં.
રસ=મઝા.
સોળ આની=પુરેપુરો.
સતનો મારગ=સાચો રસ્તો.
સૂઝે=જણાય; માલમ પડે.
સુધારસ=અમૃતનો રસ.
સમ=જેવી.
સુકવિતા=સારી કવિતા; જેમાંથી બોધ મળે એવી કવિતા.
અવગુણકારી=નુકસાન કરનારી.
દોષ=ખામી; ખોડ.
નાહાનીનો=છોકરવાદીનો; અવિચારનો.
કીર્તિ=આબરૂ; ઇજ્જત.
કાવ્યથકી=કવિતાથી; કવિતા વડે.
પ્રીતિ=હેત; પ્યાર.
પ્રજાની=લોકની.
બોધ=શિખામણ; ઉપદેશ.
શુદ્ધ=સારી; નીતિવાળી.
અનીતિ=ખરાબ ચાલ; દુર્ગુણ.
હણી=નાશ કરી.
આનંદામૃત=આનંદ રૂપી અમૃત.
કથનમાં=કહેવામાં.
જ્ઞાતા=જાણનાર.
જુક્તિ=કળા; ખુબી.
ભોગ્ય=ભોગવવા લાયક.
તે ભોગ્ય તેને પડે=તેને તે સારૂં ફળ આપે.
પિતુ=પિતા; બાપ.
ભ્રાત=ભાઇ.
લાજશે=શરમાશે.

આ કવિતામાં કવિએ કવિતાને એક પીવાની ચીજ જેવી વર્ણવી છે.

સમજુતી—જો બાળક પણ કવિતા પીએ એટલે કવિતા વાંચે, તો તેની સમજશકિતનું જોર ઘણું વધે, જો

જુવાન માણસ કવિતા વાંચે તો તેનો જુવાનીનો મદ ઓછો થાય, જો ઘરડો માણસ કવિતા વાંચે તો તેનામાં હિંમત ને બળ વધે, અને મનમાં પુરેપુરી મજા મેળવે છે. (૧)

જો પતિવ્રતા સ્ત્રીઓ નીતિની કવિતા વાંચે, તો તેને સાચો રસ્તો માલમ પડે, જો નાની અને મોટી સ્ત્રીઓ નીતિની કવિતા વાંચે તો તેને અમૃતના રસ જેવી મઝા આપે. જેમાં અવિચારની જરા પણ ખામી દેખાય નહિ. એવી સારી કવિતા કોઇને નુકસાન કરતી નથી. (૨)

કવિતા વડે આબરૂ મળે અને વળી લોકોની ઘણી પ્રીતિ મળે, નીતિવાળી કવિતા દુર્ગુણનો નાશ કરીને નીતિની શિખામણ પણ આપે છે; કવિતા જાણનારને કવિતા કહેવામાં આનંદરૂપી અમૃત મળે છે, મતલબ કે કવિતા કહેવામાં તેમને રસ પડે છે. જે કવિતાની ખુબી સમજી જાણે તેને તે (કવિતા) સારૂં ફળ આપે છે. (૩)

જે વાત છોકરી, બેનો, બાપ અને ભાઈ પાસે બોલતાં બહુ શરમ આવે એવું લખે તેને અનીતિ કહીએ સારા માણસની એવી રીત નથી, મતલબકે સારા માણસ એવી કવિતા લખતા નથી.

સાર—સારી કવિતા આબરૂ, અને પ્રીતિ આપે છે, અને વળી આપણામાંથી દુર્ગુણોનો નાશ કરી નીતિની શિખામણ આપે છે.

બોધ—સારી કવિતા વાંચવાથી દુર્ગુણો નાશ પામે છે અને સદ્‌ગુણો આવે છે. પણ અનીતિની કવિતા વાંચવાથી સદ્‌ગુણો નાશ પામે છે અને દુર્ગુણો આવે છે. માટે નીતિ-નીજ કવિતા વાંચવી.

નીતિ, વૃદ્ધ, હિંમત, સૂઝે, સુકવિતા, કીર્તિ, પ્રીતિ, શુદ્ધ, અનીતિ, આનંદામૃત, જુક્તિ, ભ્રાત.

પાઠ ૨૭ મો.

પાંચમો ભાગ=પાંચ ભાગમાંનો એક ભાગ.

ચઢાઈ=સ્વારી.

ભલું=કલ્યાણ.

પ્રેમ=હેત; પ્યાર; વહાલ.

ભવ્ય=મોટું તે શોભિતું.

રોજા=કબરપર બાંધેલાં મકાનો.

કોતરણી=નકશી; કોતરકામ.

જુમા મસ્જિદ=મોટી મસીદ.

જુમા=શુક્ર.

મસ્જિદ=મુસલમાનનું નમાજ પઢવાનું ઠેકાણું.

ખુબીદાર=ચતુરાઈવાળી.

હજરત=નામદાર.

પેગંબર=ઇશ્વરનો સંદેશો લાવનાર.

સ્થાપનાર=મંડાણ કરનાર.

ધિક્કારે છે=તિરસ્કારે છે; હલકા ગણે છે.

રસૂલ=પેગંબર.

બંદગી=પ્રાર્થના.

સખાવત=દાન; ખેરાત.

રમઝાન=મુસલમાનનો નવમો મહીનો.

ઉપવાસ=ભુખ્યા રહેવું તે.

હજ્જ=જાત્રા.

ધર્મચુસ્ત=ધર્મિષ્ઠ; ધર્મ પ્રમાણે ચાલનાર.

નમાજ પઢે છે=પ્રાર્થના કરે છે.

ત્રીજા પહોર પછી=બપોરના ત્રણ વાગ્યા પછી.
પહોર=ત્રણ કલાક.
મક્કા=મહંમદ પેગંબર સાહેબની જન્મભૂમિ એ અરબસ્તાનમાં છે.
મક્કાની દિશા તરફ=પશ્ચિમ તરફ.
શરીફ=પવિત્ર; પાક.
જાત્રાળુ=જાત્રા કરનાર.
પ્રદક્ષિણા=ફેરા; ચોગરદમ ફરી વળવું તે.
આદમ=મૂળ પુરુષ.
સ્વર્ગ=વૈકુંઠ; દેવલોક.
ઝમઝમ=હઝરત ઇસ્માઇલે એડી ઘસવાથી નીકળેલો ઝરો.
હાજી=હજ કરનાર.
કુરાન=મુસલમાનનું ધર્મપુસ્તક.
વ્યાજ=રૂપીઆનું ભાડું.
મના કરી છે=ના કહી છે.
મના=ના; મનાઇ.
મુસલમાન=અલ્લાહની ઇચ્છાને તાબે થનાર.
આરામ=વિશ્રાંતિ.
સંધ્યાકાળ=દીવાબત્તીનો વખત.
તારીખ=તિથિ; દિવસ.
જુમેરાત=શુક્રવારની રાત; આપણી ગુરુવારની રાત.
પછાત=પાછળ પડતો.
પંથ=ધર્મના માર્ગ.
અનુક્રમે=એક પછી એક.
ખલીફા=મહંમદ પેગંબર સાહેબના વંશના ને એમની સત્તા ચલાવનાર અધિકારી; મહંમદ પેગંબર સાહેબના વારસ.

સવાલ—મુસલમાનો કેટલા વર્ષ પર આવેલા? હાલ હિંદુસ્તાન કોનો કોનો દેશ છે? હિંદુ, મુસલમાન, પારસી

અને ખ્રિસ્તીનો હિંદુસ્તાન છે એમ શાથી કહેવાય છે? મુસલમાન રાજાઓએ શું શું યાદગીરી કરી? મુસલમાની ધર્મ સ્થાપનાર કોણ અને તેમનો જન્મ ક્યાં થયો હતો? પેગંબર સાહેબે શું બોધ કર્યો? મુસલમાનો કોને ધિક્કારે છે? મુસલમાનની મુખ્ય પાંચ ફરજ કઈ કઇ છે? ધર્મચુસ્ત મુસલમાનો દહાડામાં કેટલીવાર નમાજ પઢે છે ને તે કયે કયે વખતે? બંદગી કરતાં પહેલાં શું કરે છે? બંદગી કરતી વખત મોં પશ્ચિમ દિશામાં રાખવાનું કારણ શું? મુસલમાનનું મોટામાં મોટું જાત્રાનું ઠેકાણું કયું? હાજી લોક ક્યાંથી પાણી ભરી લાવે છે? મુસલમાનના ધર્મપુસ્તકનું નામ શું? કુરાનમાં કઈ કઈ વાતની મના કરેલી છે? મુસલમાન શબ્દનો અર્થ કહો. મુસલમાનમાં તારીખ ક્યારથી બદલાય છે? મુસલમાનમાં કેટલા પંથ છે અને તે કયા કયા? હિંદુસ્તાનમાં કયા પંથના મુસલમાનની વસ્તી વધારે છે? શીઆ ને સુન્ની પંથમાં ફેર શું? જ. શીઆ હઝરતઅલીને પહેલા ખલીફા માને છે ને સુન્ની હઝરતઅલીને ચોથા ખલીફા માને છે. મુસલમાનો ગુરુવારની રાતને શુક્રવારની રાત શા કારણથી ગણે છે?

સાર—મુસલમાનપર ભાઇના જેવો પ્રેમ રાખવો.

વસ્તી, હિંદુસ્તાન, મજબૂત, મસ્જિદો, પત્થર, સ્થાપનાર, મુહંમદપેગંબર, મક્કામાં, જન્મ્યા, અલ્લાહ,

મૂર્તિ, ધિક્કારે, ધર્મચૂસ્ત, સૂર્ય, આથમ્યા, પ્રદક્ષિણા, ઉત્પન્ન, સ્વર્ગમાંથી, પવિત્ર, ધર્મપુસ્તક, સંધ્યાકાળ, ગુરુવાર, સુન્નીઓ, અનુક્રમે.

પાઠ ૨૮ મો.

નિકોરી=નીક; પાણી વહી જવા માટે કરેલો રસ્તો.
છિદ્ર=કાણું; બાકાં.
સજજડ=મજબૂત.
ઝપાટો=સપાટો.
નક્કર=ઘન; પોલું નહિ તે.

સવાલ—ઝાડના કેટલા ભાગ છે? મૂળને ખોરાક અને પાણી કેવી રીતે મળે છે તે સમજાવો. મૂળ જમીનમાં સજ્જડ શાથી રહી શકે છે?

વળગ્યું, નિકોરી, છિદ્ર, સ્વાદથી, ફૂટે. સજ્જડ, ઝપાટો, રસુલ, નક્કર.

પાઠ ૨૯ મો.

વસંતઋતુ=ફાગણ ને ચૈત્ર મહીનો.
રસ=કસ.
રુચે=ગમે; પસંદ પડે.
પોષક=પોષણ આપનાર; જીવાડનાર.
પોષણ=ખોરાક.
માફક=અનુકૂળ.
કરમાઇ=ચીમળાઇ.
પાક=પેદાશ.
ફળદ્રુપ=રસાળ; સારો પાક આપે એવી.
ખાતર=કોહી ગએલા કચરો.

સવાલ—દોરીવાળા મૂળના છોડ એકજ ઋતુ કેમ જીવે છે? નક્કર ને જાડા મૂળવાળા છોડ શિયાળામાં મરી જતાં નથી તેનું કારણ શું? બધા છોડ જમીનમાંજ મૂળ ઘાલે છે?

છોડને ગમે ત્યાં રોપીએ તો તે ઊગતો નથી તેનું કારણ શું? એકજ ખેતરમાં દર વરસે જુદી જુદી જાતનાં બી વાવવાનું કારણ શું છે? જમીનને ફળદ્રુપ કરવા માટે શું કરે છે?

શિયાળામાં, વસંત ઋતુમાં,: પોષક, પોષણ, વર્ષ, ફળદ્રુપ.

પાઠ ૩૦ મો.

મૂળ દેશ=અસલ વતન.
વતની=રહેવાસી.
જુલમ=બળાત્કાર; બળજોરી.
ધર્મની ખાતર=ધર્મને માટે.
આસરો=મદદ; સહાય; આશ્રય.
બુદ્ધિશાળી=અક્કલબાજ; બુદ્ધિવાળો.
મોટા મનના=ઉદાર.
આગળ પડતા=વધેલા.
ઉત્તેજન=મદદ; સહાયતા.
સખાવત=ઉદારતા.
જાહેર=જાણીતી.
ઉત્તમ નર=શ્રેષ્ઠ પુરુષ.
જેબ=શોભા.
જંગી=ઘણાં મોટાં.
કારખાનાં=કામ કરવાનાં ઠેકાણાં.
હિંમતવાન=જોખમ ખેડનાર; સાહસિક.
ખંચાતા=આચકો ખાતા; બીતા.
તવંગર=પૈસાદાર; શ્રીમંત.
ખાનદાની=મોટાઈ.
ઉદારતા=સખાવત; મનનું મોટાપણું.
દયાભાવ=દયાની લાગણી.
સ્થાપનાર=મંડાણ કરનાર.
અશો=પવિત્ર.

પેગંબર=ઈશ્વરનો સંદેશો લાવનાર.
અહુરમઝદ=પારસીઓએ માનેલા પરમેશ્વર.
પ્રકાશ=તેજ.
ચિહ્‌ન=નિશાની.
અગિયારી=આતશ બહેરામ.
ધર્મક્રિયા=ધર્મની વિધિ.
સંસ્કૃત=સારી રીતે ખેડાએલી
ભાષા=બોલી.
આચરણ=ચાલચલગત.
નીતિ=સારો; ચાલ.
સ્વચ્છતા=ચોકખાઈ.
જાળવવા=સાચવવા.
નિયમ=ધારા; રિવાજ.
બંદગી=પ્રાર્થના.
ગાળે છે=ગુમાવે છે; કાઢે છે.
રિવાજ=ધારો; ચાલ.
શબ=મુડદું; લાસ; મરી ગએલું પ્રાણી.
દોખમું=પારસી મુડદાંનો નિકાલ કરવાની જગા.

સવાલ—પારસીઓનો મૂળ દેશ કયો? ઈરાન છોડી શા માટે હિંદુસ્તાનમાં આવ્યા? પ્રથમ પારસીઓ ક્યાં વસ્યા ને પછી ક્યાં ક્યાં ગયા? પારસીની વસ્તી હિંદમાં કેટલી છે ને વધારે ભાગ ક્યાં વસેલો છે? પારસીઓના ગુણ કહો. પારસીઓ કયા કયા કામમાં જગજાહેર છે? પારસીઓમાં કયા કયા ઉત્તમ નર થઈ ગયા? લોઢાના ને વીજળીના જંગી કારખાનાં કયા પારસીએ કાઢયાં છે? પારસીઓ કોને ઈશ્વર માને છે? પ્રકાશના કયા કયા ચિહ્‌નોને પારસીઓ પૂજે છે? અગિયારીમાં શું રાખવામાં આવે છે? પારસીઓની ધર્મક્રિયા કઈ ભાષામાં થાય છે?

પારસીઓ ઉત્તમ નીતિ કોને માને છે? પારસીઓ એક ઉપરાંત બીજી સ્ત્રી કરી શકે છે કે નહિ? પારસીઓ શરીરના કયા કયા ભાગ ઉઘાડા રાખતા નથી. પારસીઓ તહેવાર કઈ કઇ બાબતમાં ગાળે છે? પારસીઓ શબને શું કરે છે?

મૂળ, ઉઠાડી, સંજાન, આસરો, વસ્તી, બુદ્ધિશાળી, ઉ-તેજન, ધર્માદા, દિનશા, પિટિટ, ફિરોઝશાહ, ઉત્તમ, હિંમતવાન, પુરુષોમાં ઉદારતા, સ્થાપનાર, અશો, પેગંબર, જરથોસ્ત, અહુરમઝદ, અગ્નિ, ચિહ્ન, અગિયારી, ધર્મક્રિયા, ઝંદ ભાષામાં, સંસ્કૃત, નીતિ, લગ્ન, સ્વચ્છતા, રિવાજ, દોખમમાં.

પાઠ ૩૧ મો.

વરૂ=ફાડી ખાનારૂં મોટા કુતરા જેવું જનાવર.

શિઆળ=ફાડી ખાનારૂં કુતરાની જાતનું પ્રાણી.

દેખાવ=દેખીતો આકાર.

વિકરાળ=ભયંકર; બિહામણો.

વગડાઉ=જંગલી.

ડાચું=મોં.

ભરપૂર=ભરેલી.

ડાચા=જડબા

કરડી=ગુસ્સાવાળી.

જબરા=મજબૂત.

કડાક દઇને=એકદમ; તરતજ.

ભુખાળું=ખાઉધરૂં; ખાતાં ધરાય નહિ એવું.

શિકાર કરવા=મારી ખાવા.

ભક્ષ કરે છે=ખાય છે.

હુમલો=હલ્લો; ઓચિંતો ધસારો.

ચૂકતું=ભૂલતું; ખંચકાતું.
સાવધ=સાવચેત; ચોકસ.
વહેમીલું=વહેમવાળું.
દૂર=આઘું.
ભરાઉ=ભરેલી.
તીવ્ર=તીક્ષણ; જલદ.
ચકચકતી=ચળકતી; ચળકાટ મારતી.
માંસાહારી=માંસ ખાનાર.
લુચ્ચાઇ=ઢોંગાઇ.

સવાલ—વરૂ ને શિયાળ કોની જાતનાં પ્રાણી છે? વરૂનો દેખાવ કોના જેવો છે? વરૂના શરીરનું વર્ણન કરો. વરૂ કોનો કોનો શિકાર કરે છે? બહુ ભુખ્યું થયું હોય ત્યારે કોનો શિકાર કરવાને ચુકતું નથી? વરૂના ગુણ કહો. વરૂ લુચ્ચું, સાવધ ને વહેમીલું છે એ તમે શા પરથી કહો છો. વરૂ ને શિયાળનો મુકાબલો કરો. શિયાળ કયાં રહે છે? વરૂને શિયાળ કેવાં પ્રાણી છે? શિકારી પ્રાણીનાં નામ આપો. કેવા માણસને વરૂ જેવો કહીએ છીએ અને વરૂ કહેવાનું કારણ શું? જ. જે માણસ સમજતોજ નથી તેને વરૂ જેવો કહીએ છીએ. કારણ કે વરૂ ખરેખરૂં જંગલી પ્રાણી છે તેના જેવોજ તે છે માટે.

શિયાળ, વિકરાળ, પૂંછડી, ભરપૂર, બિહામણી, મજબૂત, ભુખાળું, ભક્ષ, ભૂખ્યું ચૂકતું, લુચ્ચું, મુડદાની, સાવધ, સૂંઘ્યું, ભરાઉ, તીવ્ર, ચકચકતી, માંસાહારી, લુચ્ચાઈ.

પાઠ ૩૨ મો.

આપ સમાન બળ નહિ=પોતાના કામમાં પોતાના જેવું જોર બીજા કોઈનું કામ લાગતું નથી.

મહેનત થકી=મહેનતથી.

સદા=નિત્ય; હંમેશાં.

સહાય=મદદ.

હરિ=પરમેશ્વર;

ફળ=ફાયદો; લાભ.

ફોક=નકામો; ફોગટ.

પરબળ=પારકાનું જોર.

કોય=કોઈ.

મેઘ=વાદળું.

સમાન=બરાબર; સરખું.

તોય=પાણી.

ભાગ્ય=નસીબ.

ભરોસો=વિશ્વાસ.

મોટ=મોટી; ઘણી;

લુલું=લંગડું.

શ્રમ=મહેનત.

ખોટ=નુકસાન; હાનિ; ટોટો.

જોરાવરૂં=જબરૂં.

ધણી=માલિક.

તજી=છોડી; મૂકી.

તેહને=તેને; આળસને.

ઉદ્યમ=મહેનત.

સજ્જન=સારા માણસ

ઈચ્છા=મરજી.

તત્ક્ષણ=તરતજ: તેજ વખતે.

ભલું=સારૂં.

તક=વખત; સમો; સમય.

વહી જાય=જતો રહે.

દરિદ્ર=ગરીબાઈ: દરિદ્રતા.

લેય=લે.

તાકી રહે=ધારી રહે.

નિમથકી=નિયમથી.

મુખપાઠ=મોંએ કરેલું તે; કવિતા.

પોથી=ચોપડી.

ખરી=નક્કી.

લક્ષેજ=ધ્યાનથી.

શીખે થકી=શીખવાથી.

સંસારે=દુનિયામાં. | **વકી**=સંભવ; આશા.

સમજુતી—લોકો દરેક કામ મહેનતથી કરે છે, તેથી પરમેશ્વર હંમેશ મદદ કરે છે, ને લાભ નકામો જતો નથી. (૧)

જે કામ આપણે કરી શકીએ તે કામ કોઈ પારકાનું બળ કરે નહિ; કારણ કે વરસાદના જેવું બીજું પાણી નથી તેમ આપણા જેવું બીજું કંઈ બળ નથી. (૨)

નસીબને ભરોસે બેસી રહેતો નહિ, પણ ઘણી મહેનત કરજે; કારણકે મહેનત વગર નસીબ લુલું છે તેથી નસીબને ભરોસે રહેવાથી વેપારમાં ખોટ આવે. (૩)

આળસ જબરૂં થઈને શરીર ને મનનું માલિક થાય છે; માટે આળસને કાઢી નાંખીને સારા માણસ તું મહેનત કર. (૪)

જ્યારે સહેલું કામ કરવાની મરજી થાય, ત્યારે તે તરતજ કરવું સારૂં છે, કારણ કે, નહિ તો સમો ચાલ્યો જાય. (૫)

આળસને ગરીબાઈ ને દુ:ખનો બાપ સમજી લે. મતલબ કે ગરીબાઈ ને દુ:ખનો પેદા કરનાર આળસ છે. ગરીબાઇ ધારીને જોઈ રહેલી છે. માટે ઊંઘને વહાલી કરવી નહિ મતલબ કે વધારે વખત સૂઈ રહેવું નહિ. (૬)

ઇમારત મોટી હોય છે તોપણ દરરોજ નિયમ

પ્રમાણે બંધાતા તે પુરી થાય છે, ચોપડી નિયમ પ્રમાણે વાંચવાથી તે નક્કી મોંએ થાય છે. વિદ્યા તે પણ નિયમ પ્રમાણે ધ્યાનથી શીખવાથી આવડે છે. વળી દુનિયામાં મહેનતથી નીતિ અને સુખ મળવાનો સંભવ છે. (૭)

સાર—(૧) આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ. (૨) નિયમ પ્રમાણે થોડું થોડું કામ કરવાથી અઘરૂં કામ પણ સહેલાઈથી પુરૂં થાય છે.

મહેનતથી, ભરૂસો, તત્ક્ષણ, દરિદ્ર, ઊંઘ, વહાલી, શાર્દૂલ વિક્રીડિત, બંધાતી, નિત્યે, વાંચેથી, લક્ષેજ, ઉદ્યમથકી.

પાઠ ૩૩ મો.

કળશીઓ=લોટો.
હડસેલી=ધકેલી.
મારફત=વાટે; રસ્તે.
ગંદકી=ગંદવાડ.
દુર્ગંધ=ખરાબ વાસ.
શ્વાસમાં=દમમાં.
તબીઅત=શરીર.
ગરદી=ભીડ; ઠઠ.
અસ્વચ્છ=ખરાબ.
તનદુરસ્ત=આરોગ્ય.

સવાલ—હવાની જરૂર કોને કોને છે? જે જગા આપણને ખાલી લાગે છે તે ખરેખર ખાલી હોય છે? એકજ જગાએ અને એકજ વખતે કેટલી વસ્તુ રહી શકે? આપણા ઘરની ને આસપાસની હવા શા માટે સ્વચ્છ રાખવી જોઇએ? ગરદીમાં ઘણો વખત રહેવું કેમ ગમતું

નથી ? શહેર કરતાં ગામની હવા સ્વચ્છ હોવાનાં કારણુ ગણાવો.

સાર—સ્વચ્છ હવા તબીઅત સુધારે છે. માટે સ્વચ્છ હવા લેવા માટે શહેર બહાર ખુલ્લી જગામાં ફરવા જવું.

બોધ—પરમેશ્વરે આપણને જીવવાને ઘણીજ જરૂરની જે હવા તે બધેજ ભરી મૂકી છે માટે આપણે પરમેશ્વરની ભક્તિ કરવીજ જોઇએ.

વનસ્પતિ, ફળશીઆમાં, સાંભળ્યું, છિદ્રોમાંથી, ઊંઘતાં, ચોકખી, સ્વચ્છ, ગંદકી, દુર્ગંધ, શ્વાસમાં, ગરદી, તંદુરસ્ત.

પાઠ ૩૪ મો.

પતેતી=પારસીની દિવાળી.
તબકા=હપતા; ભાગ.
ઘંબાર=જરથોસ્ત ધર્મ મુજબ વર્ષના છ તબકામાંનો એક તબકો.
બાપદાદા=ઘરડાંવરડાં.
અહુરમઝદ=પારસીઓએ માનેલા પરમેશ્વર.
પ્રાર્થના=બંદગી.
ફળફળાદિ=ફળ વગેરે.
પ્રેમ=હેત.
ભાઇચારો=સંપ; ઐક્યતા; દોસ્તી.
એકંદર=કુલ; બધું મળીને.
આબાદ=ખીલેલાં; પ્રફુલ્લ.
ઉત્પન્ન=પેદા.
ઉત્પત્તિ=પેદાશ.
સમય=વખત.
ગાથા=પવિત્ર શ્લોકો.
અધ્યારૂ=પારસીનો ગોર.
રૂહ=આત્મા.
નવરોજ=નવો દિવસ.

જન્મ દિવસ=વરસગાંઠ.

ઉત્સવ=આનંદ.

પુરાણા=જુના; અસલના.

જમાનો=વખત.

સવાલ—પારસી લોકના સહુથી મોટા તહેવારનું નામ શું? ઘંબાર એટલે શું? વરસમાં કેટલા ઘંબાર આવે છે ને તે કયે કયે દિવસે? ઘણો પવિત્ર ઘંબાર કયો છે? પ્રાચીન તહેવાર કયો છે ને તે કયે દિવસે આવે છે? જમશેદી નવરોજ એ નામ શા પરથી પડ્યું?

પારસીના બાર માસનાં નામ—

૧. ફરવરદીન, ૨. અરદીબેહેસ્ત, ૩. ખોરદાદ, ૪. તીર, ૫. અમરદાદ, ૬. શેહેરવર, ૭. મહેર, ૮. આવાં, ૯. આદર, ૧૦. દે. ૧૧. બહમન, ૧૨. અસ્પંદેદમદ.

સહુથી, પતેતી, ઘંબાર, અહુરમઝદ, પ્રાર્થના, ફળફળાદિ, અરદીબેહેસ્ત, છઠ્ઠા, ઉત્પન્ન, મનુષ્ય, ઉત્પત્તિનો, શ્લોકો, અધ્યારૂઓની, કલ્યાણને, માર્ચે, વર્ષનો, જરથોસ્ત, જન્મદિવસ, ક્રિયા.

પાઠ ૩૫ મો.

કેણે=કોણે.

જોબન=જુવાની.

સૌ કાળ=હમેશાં; નિત્ય.

ઉમર=ઉમરો.

પાદર=ગામનો છેડો.

પરદેશ=બીજો દેશ.

ઉજળા=સફેદ.

કેશ=વાળ.

રાબડી=ઘીમાં લોટ શેક્યા પછી પાણી સાકર નાખી ઉકાળેલો પાતળો પદાર્થ.

ધ્રૂજે=થરથરે. | નવ=નહિ.
કાય=કાયા; શરીર.

સમજુતી—ઘડપણ કોણે મોકલ્યું ? મેં તો જાણ્યું હતું કે હંમેશાં જુવાની રહેશે ઘડપણ કોણે મોકલ્યું !(૧)

ઘડપણ આવ્યું તેથી ઉંમરો ઓળંગવા જેટલું ચાલવું તે, ડુંગરો ઓળંગવા જેવું કઠણ થાય છે; ગામને પાદરે જવું તે પરદેશ જવા જેવું કઠણ ને ઉઠીને ઘરની ગોળીમાંથી પાણી લેવું તે જાણે ગંગા નદી જેટલું દૂર ગયા હોઇએ એવું થાય છે. શરીરે ધોળા વાળ આવ્યા. ઘડપણ કોણે મોકલ્યું ! (૨)

નાનપણમાં લાડવા ખાવા ગમે, અને ઘડપણમાં સેવ ભાવે છે, રોજને રોજ રાબડી પીવા જોઇએ એવી એ ઘડપણની ટેવ ખરાબ છે. ઘડપણ કોણે મોકલ્યું ! (૩)

ઘડપણ આવ્યું તેથી આંખે તો દેખાય નહિ અને કમ તાકાતને લીધે શરીર થરથર ધ્રૂજે છે. ખાધેલું અનાજ પચતું નથી. ઘડપણ કોણે મોકલ્યું ! (૪)

બોધ—ઘડપણમાં કાંઇપણ કામ થઇ શકતું નથી માટે જુવાનીમાંજ ઇશ્વરભક્તિ કરવી.

સૂઝે, ધ્રૂજે, અન્ન.

પાઠ ૩૬ મો.

ફેર=તફાવત; ફરક. | પ્રવાહી=પાણી જેવો; રેલો ચાલે એવા.

માર્ગે=રસ્તે; વાટે; મારફત.
ઉત્તર=જવાબ.
ગરવાળો=માવાવાળો.
વસંતઋતુ=ચૈત્ર ને વૈશાખ મહીનો.

સવાલ—મૂળ ને થડમાં શો ફેર છે? મૂળ શું કામ કરે છે? બધાં મૂળ સરખાં હોય છે? બધાં થડ સરખાં હોય છે? કચા છોડ વધારે વરસ જીવે છે?

પ્રવાહી, પોષક, ચૂસી, માર્ગે, તુલસીદાસ, નક્કર, સખ્ત, ઉત્તર, ઋતુમાંજ, વર્ષ, શિયાળામાં, ફૂટે, ફૂલ.

પાઠ ૩૭ મો.

વડવાઈ=વડની મૂળીઓ; ડાળાંમાંથી દોરીઓ જેવા ફાંટા નીકળીને લટકે છે તે.
જટા=લાંબો ચોટલો.
વેષધારી=ઢોંગી; ખોટો દેખાવ કરનાર; ડોળઘાલું.
ડોળ=ઢોંગ.
શુદ્ધ=પવિત્ર; મેલ વગરનાં.
જટાધરે જગદીશ મળે, તો વડલા વૈકુંઠ જાય=જો લાંબો ચોટલો રાખવાથી પરમેશ્વર મળતા હોય તો વડ પણ સ્વર્ગમાં જાય.
ધરે=રાખે.
જગદીશ=જગતનો ધણી; પરમેશ્વર.
વડલા=વડ.
વૈકુંઠ=સ્વર્ગ; શ્રીકૃષ્ણનું ધામ.
છાલ=છોડું.
ગલ=ગર.
પડ=થર.
કુંડાળું=ગોળ ચકરડું.

સવાલ—અહારથી વધારનારાં થડ કેવી રીતે વધે છે?

ઝાડ કેટલા વર્ષનું છે એ શાથી કહી શકીએ? વેલા ટટાર ઉભા કેમ રહી શકતાં નથી?

શિખવ્યું, ઉત્પન્ન, લટકે, વડવાઈ, વેષધારી, પવિત્રાઈ, ડોળ, શુદ્ધ, વિષે, કવિ, વૈકુંઠ, બંધાય, કુંડાળાં, ટટાર, વિટળાવું ગુંચવાય.

પાઠ ૩૮ મો.

સ્વર્ગવાસ પામવું=મરણ પામવું.

યાદગીરી=નામના.

ઉત્સવ=ઓચ્છવ.

વિદ્વાનો=પંડિતો; ઘણું ભણેલા.

સ્તુતિ વાકયો=વખાણનાં વચનો.

શબે બરાત=શાબાન મહીનાની પંદરમી રાત.

પાક=પવિત્ર.

તનદુરસ્તી=સુખકારી; આરોગ્ય.

કિતાબ=ચોપડી; પુસ્તક.

નોંધે છે=લખે છે.

ગુજારવાને=કરવાને.

શબે કદ્ર=સત્તાની રાત; રમઝાન મહીનાની છેલ્લી દસમાંની એક રાત.

તરીકે=લેખે.

ગુફા=પોલાણ.

ખુદા=પરમેશ્વર; અલ્લાહ.

ધ્યાન=એકચિત.

મશગૂલ=એકતાર; લીન.

તખ્તી=લેખ.

ગેબી=આકાશમાંથી; કયાંથી આવે છે તે સમજાય નહિ એવું; ગુપ્ત; છાનું.

માલિક=પરમેશ્વર.

શરીફ=પવિત્ર.

પ્રગટ થયું=જાહેરમાં આવ્યું.

ઇસ્લામધર્મ=મુસલમાની ધર્મ.
પર્વરદેગાર=પાલનહાર ઇશ્વર.
રોશની=લાઇટ.

સવાલ—બારા વફાતનો તહેવાર શા માટે ઉજવવામાં આવે છે? એ તહેવાર કયે દિવસે આવે છે? શબે બરાતના ઉત્સવ વિષે મુસલમાનો શું માને છે? એ તહેવાર કયે દિવસે આવે છે? શબે કદ્રની રાત કયે દિવસે આવે છે! બધી રાત કરતાં એ રાતને મુસલમાનો શા માટે મોટી માને છે, અને એ દિવસે શું કરે છે?

પુસ્તક, રબિઉલ અવ્વલ, હઝરત, મુહંમદ, પેગંબર, સ્વર્ગવાસ, યાદગીરી, ઉત્સવ, મસ્જિદ, સ્તુતિવાકયો, વિદ્વાનો, રિવાજ, પવિત્ર, ચંદ્રનો પંદરમી, મનુષ્યોનાં, દુઃખ, તંદુરસ્તી, અલ્લાહ, નક્કી. જિંદગી, કિતાબમાં, નોંધે છે, રમઝાન, શબે કદ્ર, પર્વતની, ધ્યાનમાં, મશગૂલ, કહ્યું, માલિકનું, પૂજવા, શરીર, પ્રગટ, ઇસ્લામધર્મ, પર્વરદિગારના.

પાઠ ૩૯ મો.

બિટલાઈ વળતાં=ચોગરદમ ફરી વળતાં.
અટકચાળાં=અડપલાં.
છૂંદી=ચગદી.
દુઃખનો પાર રહ્યો નહિ=ઘણુંજ દુઃખ પડયું.
જીવન=જીવવાનું સાધન.
કકળતાં=દુઃખી થતાં.
નાથ=ધણી; માલિક.
બેલી=આધાર; આસરો.

પેટ ભરવાનું=ગુજરાન કરવાનું.
સાધન=સાહિત્ય.
ગતિ=હાલ; હાલત; દશા.
જાદુઈ=ચમત્કારી; ઇલમવાળી.
મોહ પામી=નવાઇ પામી.
નમ્ર=વિનયી; અહંકાર વગરનો.
અભિમાન=અહંકાર; ગર્વ.
ગર્વિષ્ટ=અભિમાની; અહંકારી.
ગૂમ થઈ-દેખાતી બંધ થઈ.
સમણા=સ્વપ્ના.
અવાજ=સૂર; સ્વર.
કાને પડનો=સંભળાનો.
ખાતરી=ભરોસો; વિશ્વાસ.
મનમાનતું=પસંદ પડે તે.
ઠઠ=મેદની; ગરદી.
છક થયો=નવાઇ પામ્યો; ચકિત થયો.

સવાલ—પેમલો ને જીવી પોતાનું ગુજરાન કેવી રીતે કરતાં હતાં? એમનું પેટ ભરવાનું સાધન શું હતું ને તે કોણે ભાંગી નાંખ્યું? પછી પેમલો શું બોલ્યો? વનદેવીએ શું આપ્યું ને શું કહ્યું? જીવીએ વનદેવીને શું કહ્યું? પેમલાએ રૂપીઆ પોતાનો છે એની મિઠાઇવાળાને ખાતરી કરી આપવા માટે શું કર્યું? એક દિવસ શું બનાવ બન્યો?

પૂરું કરતાં, ટોળેટોળાં, વિટલાઈ, સૂઇ, અટકુઆળાં, છૂંદી, પ્રભુની, પ્રાર્થના, ગતિ, ઇશ્વર, જાદુઇ, દર્શન, નમ્ર, અભિમાન, તૂટવા, સંધાશે, દિવસ, ગર્વિષ્ટ, ગૂમ, મિઠાઇવાળાની, રૂપીઓ, ભિખારીની, વિચાર્યું, ઊઠયાં, આંહિજ, ઠઠ, પૂછયું, કબૂલ.

પાઠ ૪૦ મો.

રાજમહેલવાસી=રાજમહેલના રહેનાર.
પ્રધાન=વજીર; કારભારી.
ઉલટો=સામો.
રાજકુંવર=રાજાનો છોકરો.
શોભે=ઘટે.
તમારો છૂટકો ક્યાં છે?=તમારે ચાલે એમ નથી.
તડાક દઇને=તરતજ.
ફાંફાં=ખોટી મહેનત.
વાગ્યું=ફાગ્યું.
તૂટયો તે તૂટયો=ફરીથી સંધાયો નહિ.
ગવૈયા=ગાનાર.
કાબેલ=હોશિયાર.
બસ=પુરતા; જોઇએ તેટલા.
મારૂ=સાર.
લાયક=યોગ્ય.
યોગ્ય=જોઇએ તેવી.
શિક્ષા=સજા.
દયાળુ=દયાવાળાં.
વરદાન=માગેલું આપવું તે.
ગુજરાન=ગુજારો; પોષણ.
એકાંતમાં=છુપી જગામાં.
નિંદે છે=બદગોઇ કરે છે.
હાલત=દશા; સ્થિતિ.

સવાલ—પ્રધાન રાજાથી ઉલટો વિચાર બતાવે ત્યારે રાજા શું કરતો? રાજકુંવરની શું મરજી થઇ? રાજાએ રાજકુંવરને શું કહ્યું? પેમલાને શું કહ્યું? પેમલાએ શું કર્યું? સારંગીનો એક તાર તૂટી જવાનું કારણ શું? સારંગીનો બીજો તાર તૂટી જવાનું કારણ શું? રાજાએ સારંગીના બેજ તાર જોઇ પેમલાને શું પૂછ્યું અને પેમલાએ શું જવાબ આપ્યો? મહેલ છોડી પેમલો ક્યાં ગયો?

બીજીવાર સારંગી મળ્યા પછીની વાત કહો. જીવી રાજમહેલ છોડી કેમ ચાલી ગઈ? માણસને કઇ સ્થિતિ ફાવે છે?

સાર—(૧) અહંકાર કરવો નહિ. (૨) જે સ્થિતિમાં ઉછર્યાં હોય તે સ્થિતિ તેમને માફક આવે છે. (૩) મોજ શોખમાં રહેવા કરતાં સાદાઈમાં રહેવું સારૂં છે.

ભિખારી, પ્રધાન, ઈચ્છા, ભિખારણ, છૂટકો, તૂટી, તૂટયો, ગવૈયાના, પ્રાર્થના, દર્શન, શિક્ષા, દયાળુ, ચૂકયું, ઓળખ્યો, એકાંતમાં, ઉછર્યાં, મોજશોખમાં.

પાઠ ૪૧ મો.

આવરદા=આયુષ્ય; જિંદગી.
ભાગ્યશાળી=નસીબદાર.
મુડદાલ જેવા=મુડદા જેવા; કમતાકાત; બળ વગરના.
છાંટો=જરાપણ.
તદ્દન=બિલકુલ.
ફીક્કો=તેજ વગરનો.
ચડતી વય=ખીલતી જુવાની.
દશા=હાલ; હાલત.
નીરોગી=રોગ વગરનું.
યંત્ર=સંચો.
ઢીલા=લપટા.
બિમારી=રોગ; મંદવાડ.
પુષ્ટ=લોહી માંસથી ભરેલા.
દૂબળાં=કમજોર; તાકાત વગરનાં.
માવજત=સંભાળ.
તંદુરસ્તી=આરોગ્ય.
જાળવી=સાચવી.
શક્તિ=ગજું; ગુંજાશ;
પચાવી=જેરવી.

દરકાર=પરવા.
હોજરી=ખાધેલું પચાવવાની કોથળી.
આમ=વગર પચેલો ખોરાક ઝાડા વાટે નીકળે છે તે; ન પચેલો ખોરાક.
ગુમડા=ગોડ.
મારફત=વાટે; રસ્તે.
ઘસારો=તોટો; ખોટ.
હલકા=જલદી પચે એવા.
પાચનશક્તિ=પચાવવાની શક્તિ.
લાભ=ફાયદો; ગુણ.
પૂરતી=જોઇએ તેટલી.
પકવાન=મિષ્ટ ભોજન.
મીઠો=સ્વાદિષ્ટ; લહેજતદાર.
લહેજત=મઝા.
ચક્કર=તંમર; ફેર; ચકરી.
મીઠી=સુખી.

સવાલ—બિમારી આપણાપર સહેલથી કયારે ચઢી બેસે છે? આપણે જન્મથીજ દૂબળાં હોઇએ તો શું શું કરવાથી તનદુરસ્તી જાળવી શકીએ? ખાવા પીવામાં કઈ કઈ બાબતની કાળજી રાખવી? આપણે ખોરાક શા માટે ખાઇએ છીએ? ખોરાક શા પ્રમાણમાં ખાવો? છાશ ને લીંબુનો ઉપયોગ કરવાથી શો લાભ થાય છે? પાચનશક્તિ વધારવા માટે શું કરવું જોઇએ? જેઓ કસરત કરતા નથી તેમને શું શું થાય છે?

બોધ—(૧) ઉદ્યોગ કરવો. (૨) કસરત કરવી. (૩) ખાવાપીવામાં સંભાળ રાખવી. (૪) નિયમિત કામ કરવું.

અર્ધું, ભાગ્યશાળી, મુડદાલ, છાંટો, તદ્દન, ચઢતી, નીરોગી, બિમારી, દૂબળાં, ઉદ્યોગથી, તંદુરસ્તી, શક્તિનો, લીંબુ, પકવાન્ન, દૂખે, ઊંઘ, ચક્કર, જિંદગી,

પાઠ ૪૨ મો.

નવાઈ=અચરજ; આશ્ચર્ય.

સંકોર્યા=નાનું કરી.

ઢાંકણું=કવર; પડ.

ચાલ=ગતિ.

પૂજારી=પૂજા કરનાર.

આરતિ=પૂજા પુરી થયા પછી કપુર વગેરેનો દેવ સામે દીવો કરી ઉતારવો તે

વર્ણવ્યું=કહ્યું.

શરત=હોડ.

નિરાંતે=નચિંતે; સુખેથી.

નજર પણ કરી નહિ=જોયુંજ નહિ.

ઉતાવળા સો બહાવરા ને ધીરા સો ગંભીર=ઉતાવળે કામ કરે તે ગભરાઈ જાય છે; પણ ધીરેથી કામ કરે છે તે ઠરેલ બને છે.

સો=તે.

બાહાવરો=ગભરાએલો.

ધીરા=ધીરજવાળા.

ગંભીર=ઠરેલ.

ધીરાં=ધીરજવાળા.

શાંત=ઠંડા.

સવાલ—કાચબા ક્યાં ક્યાં રહે છે? કાચબાના શરીરનું વર્ણન કરો. કાચબાને કેટલા દાંત હોય છે? કઈ નદીમાં ઘણાં કાચબા જોવામાં આવે છે? કાચબા ને સસલાની વાત કહો. અને એ વાતપરથી શું શિખામણ લેવી?

બોધ—કામમાં ઉતાવળ કરવી નહિ પણ ધીરજવાળા ને ઠરેલ થઈને એક સરખી રીતે કામ કરવું.

ઢાંકણુ, જડબાં, શીંગડાં, આરતિ, કિનારે, વર્ણવ્યું, સૂતું, નિરાંતે.

પાઠ ૪૩ મો.

પત્ર=પાંદડું; કાગળ.
તાડપત્ર=તાડનું પાંદડું.
અનેક=ઘણી.
વર્તમાન પત્ર=ચાલતા વખતની ખબર આપનાર કાગળ; ન્યુસપેપર.
દાખલા તરીકે=પુરાવા માટે; સાબીતી માટે.
પારદર્શક=આરપાર દેખી શકાય એવું.
માખ=માખી.
અગત્યની=જરૂરની.
સેવા બજાવે છે=કામ કરે છે.
શણુ=ભીંડી કે શણુના રેસા.
ખ્યાલ=વિચાર.
કચુંબર=ઝીણી કરચ
માવો=કસ.
એકરસ=એક સરખો.
પિંડા=ગોળા.
ઝીણા સળીઆવાળા ચોકઠામાં=પાતળા તારની ચોરસ ચાળણીમાં.
નીતરી જાય=નીચે ઉતરી જાય.
જામી જાય=ઠરી જાય.
આધાર=આસરો.
પુના=મધ્ય વિભાગની રાજધાનીનું શહેર.
લખનૌ=એ અયોધ્યા પ્રાંતમાં શહેર છે.

સવાલ—પત્ર એટલે શું ? કાગળ કયા કયા કામમાં વપરાય છે ? કાગળની બનાવટ માટે કયા કયા પદાર્થોનો ઉપયોગ કરવામાં આવે છે ? ચીથરાં કે શણના કાગળ કેવી રીતે બનાવવામાં આવે છે ? આપણા દેશમાં કાગળનાં કારખાના ક્યાં ક્યાં છે ?

સાર—કાગળ ઘણોજ ઉપયોગી વસ્તુ છે. કાગળ વડે વિદ્યાનો આટલો બધો ફેલાવો થઈ શકયો છે.

પત્ર, અર્થ, પાંદડું, ચિઠ્ઠીના, પૂંઠાં, સીસી, વર્તમાનપત્ર, પારદર્શક, શોભિતાં, રક્ષણ, મિઠાઈ, વસ્તુ, રેષાવાળા, પદાર્થો, ખ્યાલ, ટૂકડે ટૂકડા, કચુંબર. પિંડા, હિંદુસ્તાનમાં, લખનૌ.

પાઠ ૪૪ મો.

તફાવત=ફરક; ફેર.

ફણગો=અંકુર.

નસ=દોરી જેવા પાતળા રેસા.

છત્તરની=છત્રીની.

નરીઆંખે=એકલી આંખથી; કાચ કે ચશ્માની મદદ વગર.

કાર્બન=કોયલો.

પોષક=પોષણ આપનાર; વધારનાર.

કચરાનાં પડ=કરોળીઆનાં જાળાં.

નહિકર=નહિતો.

અણીઆળાં=અણીદાર.

સવાલ—થડ ને ડાળીનો તફાવત કહો. પાંદડાં ક્યાંથી ને કેવી રીતે ફૂટે છે ? પાંદડાં એ કયા કયા અવયવોનું

કામ કરે છે ? ઝાડ પોતાનો ખોરાક શેમાં શેમાંથી લે છે ? ઝાડોને વધારે પોષક ખોરાક ક્યાંથી મળે છે ? ઝાડને તડકાની જરૂર શા માટે છે ? બધાંજ ઝાડનાં પાંદડાં સરખાં હોય છે ? બધાં ઝાડોમાં ઊંચું ઝાડ કયું ?

સાર—પાંદડાં વાટે ઝાડને ખોરાક ને પાણી મળે છે. પાંદડાં એ ઝાડનાં મુખ અને પેટ છે. આપણે નાક અને મોં વડે શ્વાસ લઇએ છીએ તેમ ઝાડ પાંદડાંની ઉપલી બાજુથી હવા લે છે ને નીચલી બાજુથી હવા કાઢે છે.

પાંદડાં, શિક્ષક, ફેણગો, ફૂટે, છિદ્ર, સૂર્યના, સિવાય, કાર્બન, પોષક, ચિમળાઇને, નહિ, અણી-આળાં, ઊંચું.

પાઠ ૪૫ મો.

જનોઈ=ઉપવીત.
ઋષિ=તપસ્વી; મુનિ.
ગોઠીઆ=ભાઇબંધ; દોસ્તદાર; મિત્ર; સોબતી.
પેટ ભરવાના=ગુજરાન ચલાવવાના.
આંસા=વાંધા; હરકત. અડચણ.
પત્ની=સ્ત્રી; ધણીઆણી.
દબાણ=આગ્રહ.
બાળસ્નેહી=નાનપણના દોસ્ત.
ટાળી=મટાડી; દૂર કરી.
ખિજવાઈ=ચિડાઈ; ગુસ્સે થઇ.
જરાસંઘ=મગધનો રાજા.
કાળયવન=કાબુલના તાલજંઘ નામના ક્ષત્રિય રાજાનો પુત્ર.
બેટ=જેની ચારે બાજુ પાણી ને વચમાં જમીન હોય તે.

ગુફા=પહાડની પોલાણ.
મુચુકુંદ=માન્ધાતાનો પુત્ર.
ભંગાણ પડયું=ખલેલ થઇ.
ઝાળ=આંચ.
વિદર્ભ=બહારની ઉત્તરનો ભાગ.
શિશુપાળ=ચેદીનો રાજા; રજપુતસ્તાનમાં ચંદેરી છે તેની આસપાસના મુલકનો રાજા
ગોર=ધર્મક્રિયા કરાવનાર.
હરણ કર્યું=બળાત્કારે લઇ ગયા.
યાદવ=યદુરાજાના વંશજો; જાદવ; રજપૂતની એક જાત.
મણિ=હીરો.
આળ=ખોટું તોહમત.
જાંબુવાન=એ વિષ્ણુના બગાસામાંથી ઉત્પન્ન થયો હતો એ બ્રહ્માનો અવતાર હતો.
પારિજાતક=એક જાતનું ખુશબોદાર ફૂલ એની દાંડી કેસરીઆ ને પાંખડી સફેદ હોય છે.
મનાવ્યાં=સમજાવ્યાં.

સવાલ—શ્રીકૃષ્ણને બળરામ કયા ઋષિને ત્યાં ભણવા રહ્યા હતા ? પહેલા પુસ્તકમાં સુદામાના પાઠમાં શું શીખી ગયા તે કહો. જરાસંધની સાથે શ્રીકૃષ્ણે લડાઇ શા કારણથી નહિ કરી ? જરાસંધનું મરણ શી રીતે થયું ? શ્રીકૃષ્ણે રૂકિમણીનું હરણ શા માટે કર્યું ? જાંબુવાને ને સત્રાજિતે પોતાની પુત્રીના લગ્ન કૃષ્ણ જોડે શા માટે કર્યાં ? સત્યભામા શ્રીકૃષ્ણ સાથે શા માટે રિસાયાં ? શ્રીકૃષ્ણે તેમને કેવી રીતે મનાવ્યાં ?

વસુદેવ, ઋષિને, પત્નીના, દબાણથી, બાળસ્નેહી, ગરીબાઇ, ખિજવાઈ, જરાસંધ, કાળયવન, રાક્ષસની, ધાર્યું, સમુદ્રમાં, દ્વારિકા, મુચુકુંદ, નિરાંતે ઊંઘતો, નિદ્રામાંથી, વિદર્ભદેશના, રૂકિમણી, શિશુપાળ, લગ્ન, સત્રાજિત, કીમતી, મણિ, જાંબુવાન, સત્યભામાનાં, પારિજાતકનું, રિસાયાં.

પાઠ ૪૬ મો.

યજ્ઞ=હોમ.

સત્કાર=આવકાર; આદરમાન.

ક્રોધ=ગુસ્સો; રીસ.

ખમી રહ્યા=સાંખી રહ્યા.

શિશુપાળ=દમઘોષનો વસુદેવની બેનથી થએલો પુત્ર.

સહનશીલ=ધીરજવાળા.

બાજુ=પક્ષ.

ફોજ=લશ્કર; સેના.

સારથિ=રથ હાંકનાર.

રણમાં=લડાઇના મેદાનમાં.

ખેદ પામ્યો=દીલગીર થયો.

ગીતા=હિંદુઓનું એક ધર્મપુસ્તક.

જ્ઞાન=સમજ.

ભગવદ્ગીતા=હિંદુઓનું ઉત્તમ ધર્મપુસ્તક.

ફરજ=કરવાનું કામ; ધર્મ.

પરિણામ=ફળ.

સમાધાન=શંકા કે ગુંચવણનું મટવું તે.

સમે=વખતે.

પ્રભાસપાટણ=કાઠિઆવાડમાં દરીઆ કિનારે વેરાવળ પાસે ગામ છે તે; સોમનાથ પાટણ.

અઢીંગી=અઢેલી.

બાણ=તીર.

વૈકુંઠ ગયા=સ્વર્ગે ગયા.

સવાલ—પાંડવોએ કયો યજ્ઞ કર્યો ? જ. રાજસૂય. શ્રી કૃષ્ણે શા માટે શિશુપાળનું માથું કાપી નાંખ્યું ? પાંડવ કૌરવની લડાઇમાં શ્રીકૃષ્ણે કયું કામ કર્યું હતું ? અર્જુને લડવાની ના કહી ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને શું કર્યું ? શ્રી કૃષ્ણ ભગવાને અર્જુનના મનનું સમાધાન કેવી રીતે કર્યું ? ભગવાનને મેળવવાનો ખરો રસ્તો શું છે ? પાંડવો કોની મદદથી જીત્યા ? યાદવો કયાં આગળ માંહોમાંહે લડી મુઆ ? શ્રીકૃષ્ણના પ્રાણ કેવી રીતે ગયા ?

બોધ—(૧) શ્રીકૃષ્ણના જેવી સહનશીલતા રાખવી. (૨) પોતપોતાની ફરજ બજાવવી, ફળ માટે આતુર ન રહેવું ને ફળની ઇચ્છા વગર કામ કરવું એ પ્રભુ મેળવવાનો ખરો રસ્તો છે.

યજ્ઞ, યુધિષ્ઠિર, સત્કાર, શિશુપાળ, ગુસ્સો, નવ્વાણું, સહનશીલ, દુર્યોધન, અર્જુન, ફરજ, સારથિ, લશ્કરો, ગોઠવાયાં, હાથયાર, શ્રીકૃષ્ણ, ભગવદ્ગીતા, ઉત્તમ, ધર્મપુસ્તક, પરિણામ, સમાધાન, પ્રભાસ-પાટણ, અહિં, અઠીંગી, વૈકુંઠ.

પાઠ ૪૭ મો.

કોટે=ગળે; ડોકે.
વળગતો=બાઝી પડતો.
સુત=છોકરો.
કહીં=કયાં.
સ્ફાટિક=એક જાતનો ઉત્તમ મણિ.
સ્તંભમાં=થાંભલામાં.

પ્રતિબિંબ=સામી છબી, ઓળો; પડછાયો.

નિરખતો=ધારીને જોતો.

સંગે=સાથે.

હઠ=જીદ; મમત.

હેઠું=નીચું; નીચે.

શ્યામ=શામળીઓ; શ્રીકૃષ્ણ કાળા રંગના હતા માટે તેમને શ્યામ કહેતા.

દધીનું=દહિંનું.

દધીનું પાત્ર=દહિંનું વાસણ; ગોરસું.

ભાજ્યું=ભાગ્યું.

વાંક=ગુનો; કસુર.

અનુખળે=ઉખળા સાથે; સાંબેલા સાથે.

રાંક=ગરીબ.

સાંભરે=યાદ આવે.

શોચમાં=દિલગીરીમાં.

હૈયું બળે=મનમાં દુઃખ થાય.

દયના=દયારામ કવિના.

પ્રાણવલ્લભ=પ્રાણ જેવા વહાલા.

બળતર=બળતરા; સંસારનો સંતાપ.

સમજુતી—મારો છોકરો કોટે એવો વળગતો કે છોડવ્યો તે છુટતો નહિ. તે મારો છોકરો કયાં ગયો ? ઓ દેવ ! હવે હું કયાં જાઉં ? (૧)

સ્ફટિક મણિના થાંભલામાં પોતાની છબી જોતો, અને તેની સાથે રમવાને માટે મનમાં ઘણો ખુશ થતો (૨)

થાંભલામાં પડેલી પોતાની છબીને જીદ કરીને માખણ આપે, અને થાંભલાને ખાઝીને તેને નીચે પાડી નાંખે. ઓ મા ! એ ખાતો નથી એમ કહી શ્રીકૃષ્ણ તે માટે રડે. (૩)

એકવાર એણે દહિંનું ગોરસું ભાગ્યું એ ગુનો એને કર્યો, તે માટે મેં એને સાંબેલા સાથે બાંધ્યો ત્યારે એ ગરીબડો થઇને બેસી રહ્યો. (૪)

તે વખતનું એનું સુખ યાદ આવે છે, ને તેથી દિલગીરીમાં મારું મન દૂખી થાય છે. દયારામ કહે ન પ્રાણુ જેવા વહાલા પ્રભુ મળે તો સંસારનો સં ાપ દૂર થાય. (૫)

સ્ફટિકમણિ, સ્તંભમાં, પ્રતિબિંબ, પોતાનું, નીરખતો, ઘાણું, માખણ, હેઠું, શ્યામ, દધીનું, અનુખણે, એનું, શોચમાં, હૈયું, પ્રાણવલ્લભ, બાળ ૧૨.

પાઠ ૪૮ મો.

ચાવડા } =રજપુતની એક
સોલંકા } જાત.
ગર્ભ હતો=દહાડાવાળી હતી.
છૂપી=કોઇ ન જાણે એવી.
હાથ ગયું=તાબામાં ગયો.
ઉછર્યો=મોટો થયો.
ઓયામાં=ઝોળીમાં.
અપાસરો=જૈન સાધુને રહેવાની જગ્યા.
રાજપુત્ર=રાજાનો છોકરો.
રક્ષણ આપ્યું=મદદ કરી.
વનુભા=વનુભાઇ; વનરાજ.
વનરાજ=વનનો રાજા; સિંહ.
તીર તાકતાં=બાણ વડે નિશાન કરતાં.
પજવવા=હેરાન કરવા.
પાટણ=સરસ્વતી નદીને કાંઠે આવેલું શહેર.
રાજધાની=રાજા જે શહેરમાં રહેતા હોય તે શહેર.
થાણું=મુકામ; ચોકી.
ઉપકાર=આભાર; પાડ.
નગરશેઠ=શહેરનો શેઠીઓ.

લુટારૂ=જોરજુલમથી લૂટી લેનાર.

પરોણાગત=પરોણા ચાકરી; બરદાસ.

તિલક=ટીલું.

વચન=બોલ.

પદવી=દરજ્જો.

આશરો=મદદ; સહાય.

ઉપકાર વાળ્યો=બદલો આપ્યો.

મૂર્તિ=દેવ દેવીની પ્રતિમા.

દેરાસર=જૈન દહેરૂં.

ચંચળ=ચાલાક; ચપળ.

અગાઉ=આગળ; પહેલાં.

સલાહ=વિચાર; અભિપ્રાય.

પ્રધાન=વજીર; કારભારી.

ઘડપણમાં=વૃદ્ધાવસ્થામાં.

ગુજરી ગયો=મરી ગયો.

સવાલ—ચાવડા વંશના પહેલા રાજાનું નામ શું? તેને કોની સાથે લડાઈ થઈ હતી? પરિણામ શું આવ્યું? વનરાજ ક્યાં ઊછર્યો? વનરાજે કયું શહેર વસાવ્યું? અણહિલપુર પાટણ નામ પાડવાનું કારણ શું? વનરાજપર કોણે કોણે ઉપકાર કર્યા હતા અને તેનો બદલો વનરાજે શી રીતે વાળ્યો?

બોધ—આપણાપર કરેલા ઉપકારનો બદલો વાળવો.

રજપૂતો, જયશિખર. જિતાશે, ગર્ભ, વિચાર્યું છૂપી, જન્મ્યો, ઉછર્યો, અણહિલ, દુશ્મનનાં, લુટારૂઓના, શ્રીદેવી, પરોણાગત, તિલક, ભૂલ્યો મૂર્તિ, વાણીઆએ, વર્ષ, પ્રધાન, ઘડપણમાં.

પાઠ ૪૯ મો.

જિંદગીને=જીવવાને.

ઝરણુ=જમીનમાંથી થોડું થોડું નીકળી વહેતું પાણી. ઝરો.

રણુ=ઝાડપાન કે પાણી ન મળે એવી રેતાળ જગા.

પૃથ્વીના ગોળાનો નકશો=પૃથ્વીના આકારના બનાવેલા ગોળાપર કાઢેલો નકશો.

ઢંકાએલો=ઢંકાઇ ગએલો.

મોટા સાગરો=મહાસાગરો.

નદી=મીઠા પાણીનો પ્રવાહ પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જગામાં થઇ સમુદ્રને કે બીજી નદીને મળે છે તે.

સરોવર=મોટું તળાવ.

પરસેવો=પસીનો.

નાળુ=પાણી જવાનો નાનો રસ્તો.

ટાંકુ=વરસાદનુ પાણી ભરી રાખવાને ભોંયરા જેવું બનાવેલું તે.

અસ્વચ્છ=ચોખ્ખું નહિ તે.

અનેક=એકથી વધારે; ઘણા.

વાવ=પગથીઆવાળો લાંબો કુવો.

સ્થિર=વહેતું નહિ તે.

વાળો=એક જાતનો કીડો.

કોગળીઉં=કોલરા; ઝાડા ઉલટીનો રોગ.

ફાટી નીકળ્યો હોય=ઘણાં માણસ મરણ પામતાં હોય.

સવાલ—પાણીની કોને કોને જરૂર છે? પાણી કયાં કયાંથી મળી આવે છે? રણ એટલે શું? પૃથ્વીપર કેટલો ભાગ પાણી છે? પ્રાણી ને વનસ્પતિના શરીરમાં કેટલું પાણી હોય છે? વાદળાં શેનાં બને છે? વાદળાં કયા કયા

રૂપમાં પૃથ્વીપર પડે છે? પીવામાં કેવું પાણી લેવું? અસ્વચ્છ પાણી પીવાથી શું થાય? અસ્વચ્છ પાણી પીવું પડે તો કેવી રીતે પીવું? ગાળ્યા વગર ને ઊનું કર્યા વગર પાણી ક્યારે પીવું નહિ?

બોધ—પાણી ઊનું કર્યા પછી ગાળીને ઠંડું પડે ત્યારે પીવું.

વનસ્પતિની, જિંદગીને, પૃથ્વી, બિલકુલ, વસ્તી ઢંકાએલો, દરિયા, છિદ્રની, નક્કર, ચોકખું, સ્થિર, ઊનું, દુઃખ. (પાઠ ૫૦ મો નાગદમન.)

શ્રીકૃષ્ણ જમનાના કિનારે ગોવાળો સાથે દડી રમતાં તેમણે એક ગોપની દડી જે દેહમાં કાળિનાગ રહેતો હતો, તેમાં નાખી દીધી. તેથી ગોપે શ્રીકૃષ્ણ સાથ લડવા માંડયું. ત્યારે શ્રીકૃષ્ણે તરતજ કદમનાં ઝાડપર ચઢી જમનામાં ભુસ્કો માર્યો, ને જ્યાં નાગ સૂતો હતો ત્યાં ગયા, ને નાગને જગાડી, તેની ફેણ પગ નીચે દાબી, નાક છેદી તેમાં દોરી પરોવી, મોરલી વગાડતા ઊભા રહ્યા. તે વિષે આ કવિતા છે.

પાઠ ૫૦ મો.

નાગદમન=નાગને વશ કરવું તે
દમન=વશ કરવું તે.
પ્રભાતીઉં=સવારના પહોરમાં ગાવાની કવિતા.
જળકમળ=પાણીમાંનું કમળ.
છાંડી=છોડી; મૂકી.
બાળા=બાળક; શ્રીકૃષ્ણ.
સ્વામી=ધણી; વર.
બાળહત્યા=બાળકને મારી નાખવો તે.

મારગ=રસ્તો.
વેરી=દુશ્મન.
વળાવીઓ=મોકલ્યો.
નિશ્ચય=નક્કી.
કાળજ ખૂટ્યો=મોત આવ્યું.
શીદ=શા માટે.
જુગટું=જુગાર.
શીષ=માથું; શિર.
પૂરો=ભરપૂર.
દીસંતો=દેખાતો.
કોડીલો=હોંસીલો; ઉમંગી.
કોડામણો=વરણાગીઓ; ફૂટડો.
અળખામણો=અણગમાનો.
નટવર=નાચનારામાં શ્રેષ્ઠ.
નહાનડો=નાનો.
કહાનડો=કહાન; કાળીઓ;
લાખ સવાનો=સવા લાખનો.
હાર=ગળામાં પહેરવાનું ઘરેણું.
દોરીઓ=દોરો; ગળાચવો.
ચોરીઓ=ચોરી.

ચરણ ચાંપી=પગ દાબી.
મરડી=અમળાવી.
બળવંત=જોરાવર.
બળીઆ=જોરાવર.
બાથ વળગ્યા=એક બીજાએ બાથમાં દબાવ્યા.
નાથ્યો=નાક વીંધી તેમાં દોરી ઘાલી વશ કર્યો.
સહસ્ર=હજાર.
ફેણા=ફેણ.
ફુંફવે=ફુંફાડા મારે.
ગાજે=ગર્જના કરે.
હાથીઓ=હસ્ત નક્ષત્ર.
વિલાપ કરે=બોલીને રડે.
કર=હાથ.
વીનવે=કાલાવાલા કરે.
સ્વામિ=માલિક; શ્રીકૃષ્ણ.
કંથને=ધણીને; નાગને.
અપરાધી=ગુનેગાર.
ભગવંતને=પ્રભુને.
નરસૈયાના નાથ=નરસિંહ મહેતાના ધણી; શ્રીકૃષ્ણ.

સમજુતી—નાગણ શ્રીકૃષ્ણને કહે છે કે જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. કારણ કે આમારો ધણી–નાગ જાગશે જો જાગશે તો તને મારી નાખશે અને તેથી મને બાળ હત્યા લાગશે. માટે તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૧)

હે બાળક! તું રસ્તો ભૂલ્યો છે કે તારા દુશ્મને તને મોકલ્યો છે તે કહે. તું આહીં શું કરવા આવ્યો! નકકી તારૂં મોત આવ્યું છે. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૨)

શ્રીકૃષ્ણ કહે છે કે હે નાગણ! હું રસ્તો ભૂલ્યો નથી, તેમજ મારા દુશ્મને મને મોકલ્યો નથી, હું મથુરા નગરીમાં જુગાર રમતાં નાગનુ માથું હારી ગયો છું. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા (૩)

નાગણ કહે છે, તું રંગમાં સારો, દેખાવમાં પુરેપુરો, હોંસીલો અને પુંટડો દેખાય છે. તારી માએ કેટલા છોકરાને જન્મ આપ્યો કે તેમાં તું અણમાનીતો. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૪)

શ્રીકૃષ્ણ કહે છે, મારી માએ બહુને જન્મ આપ્યો. તેમાં હું નાનો નાચનારાઓમાં શ્રેષ્ઠ છું. તારા નાગને જગાડ, મારૂં નામ શ્રીકૃષ્ણ કાળીઓ છે. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૫)

નાગણુ કહે છે, તને મારો સવા લાખનો હાર આપું, અને વળી તને ગળાચવો આપું એટલું મારા ધણીથી છાનું તને ચોરી આપું. પણ તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૬)

શ્રી કૃષ્ણ કહે છે; હે નાગણુ! તારા હારને શું કરૂં! તારા ગળાચવાને શું કરૂં! તારે શા માટે ઘરમાં ચોરીઓ કરવી! તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૭)

નાગણે નાગનો પગ દાબી મૂછ અમળાવીને કહયું કે હે જોરાવર ઊઠોને, બારણે કોઈ બાળક આવ્યો છે તે આપને બોલાવે છે. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૮)

નાગ ને શ્રીકૃષ્ણે બંને જોરાવરોએ બાથંબાથી કરી, પણ શ્રીકૃષ્ણે કાળિનાગનું નાક છેદી તેમાં દોરી પરોવી; તેથી જેમ ગગનમાં હસ્ત નક્ષત્ર ગાજે તેમ નાગ હજાર ફેણુથી પુંફાડા મારે. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૯)

બધી નાગણો મોઢેથી બોલીને રડે છે; જે નાગને એ બહુ દુઃખ આપશે. મથુરા નગરીમાં લઈ જશે અને પછી નાગનું માથું કાપી નાખશે. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૧૦)

નાગણો બે હાથ જોડીને કાલાવાલા કરે છે કે હે શ્રી કૃષ્ણ! અમારા ધણીને (નાગને) છોડી મૂકો. અમે અપરાધી

કંઈ સમજ્યા નહિ. અને પ્રભુને ઓળખ્યા નહિ. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૧૧)

સર્વે નાગણીઓએ થાળ ભરી મોતીથી શ્રીકૃષ્ણને વધાવ્યા; અને નરસિંહ મહેતાના ધણી (શ્રી કૃષ્ણ) પાસેથી નાગણે નાગને છોડાવ્યો. તું જળમાંના કમળને છોડીને ચાલ્યો જા. (૧૨)

સ્વામી. બાળહત્યા, નિશ્ચય. અળખામણો.

પાઠ ૫૧ મો.

ઘડીઆળ=વખત જાણવાનું યંત્ર.

લોલક=લટકણ.

ચંદો=આંકડા માંડેલો ગોળ ભાગ.

આંકડા=અંક.

આંક=આંકડા.

મિનિટ કાંટો=મિનિટ બતાવનાર કાંટો; મોટો કાંટો.

કલાક કાંટો=કલાક બતાવનાર કાંટો; નાનો કાંટો.

ચૂર્=ખાનું; ભાગ.

ઉતાવળો=ઝડપથી.

ઘડીઆળ, શિખવું, અગીઆર, મિનિટકાંટો.

પાઠ ૫૨ મો.

કાપા=લીટા.

કલાક=સાઠ મિનિટ.

મિનિટ=સાઠ સેંકડ.

૧૫ મિનિટ=૦। કલાક.

૩૦ મિનિટ=૦॥ કલાક.

૪૫ મિનિટ=૦॥। કલાક.

૬૦ મિનિટ=૧ કલાક.

કમ=ઓછી.

સવાલ—ચંદાપર કેટલા આંકડા માંડેલા છે? ચંદા પર કાંટા કેટલા છે? બંને કાંટામાં ફેર શું છે? નાના કાંટાને કયો કાંટો કહે છે? મોટા કાંટાને કયો કાંટો કહે છે? નાના કાંટાને કલાક કાંટો અને મોટા કાંટાને મિનિટ કાંટો શા માટે કહે છે? X, XI, IX, V, VI, IV, IIII, III આ આંકડાના નામ કહો છ વાગે ત્યારે મિનિટ કાંટો કયા આંકડાપર હોય અને કલાક કાંટો કયા આંકડા પર હોય છે? મિનિટ કાંટો બાર ઘર ફરે ત્યારે કલાક કાંટો કેટલા ઘર ફરે છે? કલાક કાંટા કરતાં મિનિટ કાંટો કેટલો ઉતાવળો ચાલે છે? બાર અને એકના આંકના વચ્ચે કેટલા કાપા છે? એક ઘરથી બીજા ઘર વચ્ચે કેટલા કાપા છે? બાર ઘરના બધું મળી કેટલા કાપા થયા? કલાકની મિનિટ કેટલી? પા કલાકની, અડધા કલાકની અને પોણા કલાકની મિનિટ કેટલી? નાનો કાંટો સાત અને આઠની વચ્ચે છે એ પરથી કેટલા વાગી ગયા અને કેટલા વાગશે તે કહો. નાનો કાંટો VII ને VIII ની વચ્ચે છે ને મોટો કાંટો IIII છે ત્યારે કેટલા વાગ્યા કહેવાય. તે ત્રણ રીતે કહો.

બોધ—ઘડીઆળ જોતાં શીખવું જોઇએ કે જેથી વખતસર કામ કરાય.

વચ્ચો, રૂસ્તમજી, સાઠ, દસ, વીસ.

પાઠ ૫૩ મો.

જિલ્લો=ઘણા તાલુકા મળીને થએલો કલેકટરના તાબાનો ભાગ.

કુલેકટર=જિલ્લાનો ઉપરી અમલદાર.

સદર=મુખ્ય.

મથક=ઠેકાણું.

સંગમ=નાની નદી મોટી નદીને જે જગાએ મળે છે તે જગા.

મહાભારતના સમયમાં=પાંડવ કૌરવની લડાઈના વખતમાં

તાબે કર્યું=હ[illegible]માં સોંપ્યું.

છાવણી=મુકામ; ઠેકાણું.

જાહેર મકાનો=સરકારી કામ માટે લોકોને જવા આવવાની છુટ હોય એવાં મકાનો.

કારખાનું=ઘણા માણસ કામ કરી શકે એવું મકાન.

માતબર=પૈસાદાર; શ્રીમંત.

રોનકદાર=ભભકાદાર.

અકીક=એક જાતનો ચળકતો રંગીત પત્થર.

કુંડ=છોથી બાંધેલો ઝરો.

ભાટ=એક જાતના બ્રાહ્મણ; ખરા ખોટાં વખાણ કરનાર.

પીડાતો=દુઃખી થતો.

જોસ=જોર; બળ; જુસ્સો.

પત્તો=ઠેકાણું.

વિષ્ણુ=પાલણ કરનાર.

માઈલ્ર=પોણો ગાઉ.

કબર=દાટેલા માણસના ખાડા પર કરેલું ચણતર; ઘોર.

વિશાળ=લાંબો પહોળો.

આરામ=વિસામો.

મથાળું=ઉપલો ભાગ.

કમાન=અર્ધ ચંદ્રાકાર જેવો ભાગ.

સીડી=નીસરણી.

ખંડેર=પડી ગએલો ભાગ.

પુસ્તકાલય=ઘણાં પુસ્તકો એકઠાં કર્યાં હોય એવું ઠેકાણું; લાયબ્રેરી.
જાણીતું=નામીચું.
કર્તા=બનાવનાર; રચનાર.
મરહૂમ=સ્વર્ગવાસી: મરનાર.
વતની=રહેવાસી.
ભરચક=ભરપૂર; ભરેલો.
પાટીદાર=કણબી.
રસાળ=ફળદ્રુપ.
બુદ્ધિશાળી=અક્કલબાજ.
ધીરધાર=પૈસાની આપ લે.
હોશિયાર=કાબેલ.

સવાલ—ખેડા, કપડવંજ, મહેમદાવાદ. નડિઆદ અને ઉમરેઠની જાણવા લાયક હકીકત કહો-

જિલ્લો, નડિઆદ, જૂનું, વાત્રક, શેઢી, લશ્કર, સિદ્ધરાજ જયસિંહ, રજપૂત, ઊંડું, પ-તો, સોમેશ્વર, બ્રાહ્મણો, વિષ્ણુનું મંદિર, દોઢેક, હીંચકો, ટંગાવવા, પગથીઆંવાળી, ભાંયરામાં, ડાહી લક્ષ્મી, પુસ્તકાલય, સરસ્વતીચંદ્ર. મરહૂમ, ગોવર્ધનરામ. બુદ્ધિશાળી, હોશિયાર.

પાઠ ૫૪ મો.

જાત્રાનાં ઠેકાણાં=પવિત્ર સ્થળો.
મજલ=મુસાફરી.
દિનરાત=દહાડો રાત.
હરજી=રણછોડરાયજી.
ભાન=સમજ; શુદ્ધિ.
મા'વો=માધવ. શ્રી કૃષ્ણને હેતમાં માધવને બદલે મા'વો કહેતાં.
કુરબાન=સફળ.
વૃદ્ધ=ઘરડો.

વિદુર= ધૃતરાષ્ટ્રના નાનાભાઈ.

પ્રહ્લાદ=હિરણ્યકશિપુનોપુત્ર; વિષ્ણુના પરમ ભક્ત.

નૂર=તેજ.

વહેલ=ગાડું.

પગલાં=પગના તળીઆનો આકાર.

વિશેષ=વધારે.

દાખ્યું=દેખાડયું, બતાવ્યું.

સાખી=સાક્ષી; નિશાની.

ગોપાળ=ગાયને પાળનાર; શ્રીકૃષ્ણ.

લીંબ=લીમડો

હેઠ=નીચે.

સંઘ=જાત્રાળુઓનું ટોળું.

નાર=સ્ત્રી.

નીરે=નાખે.

કોડ=હોંસ; ઉમંગ.

પાય=પગ.

પ્રતાપે=પરાક્રમથી.

નરભો=નરભેરામ.

પૂજારી=પૂજા કરનાર.

પલ્લું=ત્રાજવાનું છાબડું.

વાળી=નાકમાં પહેરવાનું ઘરેણું.

તુલસીપત્ર=તુલસીનું પાંદડું.

નાઉમેદ=નાખુશ; નારાજ.

ભવ્ય=સુંદર; સુશોભિત.

વિશાળ=લાંબું પહોળું.

સતારા=શિવાજીના વંશજોની રાજધાનીનું શહેર.

વતની=રહેવાસી.

માણેકઠારી પુનેમ=આસો સુદ ૧૫.

રથયાત્રા=અખાડ સુદ બીજ.

જન્માષ્ટમી=શ્રાવણ વદ આઠમ; ગોકળઆઠમ.

સ્વામિનારાયણ=હિંદુ ધર્મના એક પંથનું નામ છે.

પંથ=ધર્મનો માર્ગ.

જીવન=જિંદગી.

સમજુતી—બોડાણાએ હાથમાં તુળસી રોપી ને રાતદહાડો ચાલવા માંડયું. તે રણછોડરાયજીનું ધ્યાન ધરે છે અને તેને શરીરનું ભાન પણ નથી. (૧)

બોન્તેર વરસ એવી રીતે રણછોડરાયજીની સેવા કરી તેથી રણછોડજીએ એની ભક્તિ માની લીધી. બોડાણાએ જુવાની સફળ કરી પણ ઘરડો બોડાણો પ્રભુનું ભજન કરી શકયો નહિ. (૨)

રણછોડજીએ મનમાં વિચાર્યું કે બોડાણા અને ગંગાબાઈની ભક્તિને ધન્ય છે. જેવું પ્રહ્લાદ અને વિદુરનું તેજ તેવું તેજ બોડાણાનું છે. (૩)

ગાડું વાથી પણ વધારે ઝડપથી ચાલે છે એમ ચાલતાં ડાકોર આવ્યા, રણછોડજીએ લીમડાની ડાળી મીઠી કરી પોતે ત્યાં આવ્યાની નિશાની મૂકી. (૧)

લીમડાની નીચે પગલાં પૂજાયે છે, અને સર્વે જાત્રાળુઓ ત્યાં ભેટ મૂકે છે, ગંગાબાઇ ઊઠયાં ને જુએ છે તો રણછોડજી બળદને ચાર નાખતા હતા. (૨)

રણછોડજી ડાકોરમાં રહ્યા ને ગુજરાતના લોકની હોંસ પુરી કરી ગંગાબાઇ પગે લાગ્યા. આ વાત નરભેરામ ગુરૂના પરાક્રમ વડે ગાય છે. (૩)

સવાલ—ડાકોરમાં કયે કયે દિવસે મોટી જાત્રા ભરાય છે? દ્વારકાથી રણછોડજીને ડાકોરમાં કોણ લાવ્યું? સ્વામિનારાયણનો પંથ કોણે સ્થાપ્યો? વડતાલમાં કયે કયે દિવસે મોટી જાત્રા ભરાય છે?

બોધ—ખરા દીલથી ભક્તિ કરવાથી પરમેશ્વર દર્શન આપે છે.

વડતાલ, મૂર્તિ, દ્વારકામાંથી, ક્ષત્રિયે, ભક્ત, શ્રી કૃષ્ણનાં, દર્શન, દિનરાત, બોન્તેર, વૃદ્ધ. ભક્તિ, પ્રહલ્લાદ, સ્વપ્નું, વિશેષ, કબૂલ તુલસીપત્ર, કાર્તકી, જન્માષ્ટમી, સ્વામિનારાયણ, સ્થાપનાર, અયોધ્યા, કાઠીઆવાડમાં, ચૈત્રી.

સમાપ્ત.

વર્નાક્યુલર ટેક્સ્ટ બુક્સ રીવિઝન કમિટીએ

☞ તૈયાર કરેલી ચોપડીની ☜

મેસર્સ. સી. શાહ એન્ડ કો. કૃત અર્થની નોટો

તૈયાર છે.

ત્રિવેદિવાચનમાળા પુસ્તકોના અર્થ તૈયાર છે.

પુસ્તક ૧લાના ૦-૪-૦	પુસ્તક ૫માના ૦-૮-૦
પુસ્તક ૨જાના ૦-૫-૦	પુસ્તક ૬ઠ્ઠાના ૦-૯-૦
પુસ્તક ૩જાના ૦-૬-૦	પુસ્તક ૭માના ૦-૧૦-૦
પુસ્તક ૪થાના ૦-૭-૦	કન્યા વા. ત્રણે ભાગની અર્થની નોટો તૈયાર છે.

બાળવર્ગથી પાંચમા ધોરણ સુધીના "મુખગણિત શિક્ષક"

ગુજરાતની સામાન્ય ભુગોળની પ્રશ્નોત્તરમાળા ૩ આના.

મુંબાઈ ઈલાકાની ભૂગોળની પ્રશ્નોત્તરમાળા ૪॥ આના.

હિંદુસ્તાનની સા૦ ભુગોળની પ્રશ્નોત્તરમાળા ૪ આના.

બીજા ધોરણ માટે અંકગણિતનાં મનોાન્યન પાંચ આના.

બાળપોથીથી પાંચમી સુધીના "ડિક્ટેશન શિક્ષક"

શાહપોર સુરત	છગનલાલ મોતીરામ શાહ. "મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા.